PRIGI.NO. GJGUJ/26/A2124

# દ્રષ્ટિકોણ જનવાણી

DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

શુક્રવાર તા.૦૯/૧૦/૨૦૨૬

Year- 01 | Issue-189 | Editor - Gajera Divya | Date: 09 October-2026 Friday | Page- 8 | Rs. 2-00 | E-mail : drashtikonjanvani09@gmail.com | Mo. 96876 77873



‘હમ સબ સિસ્ટમ કા હિસ્સા હૈં, સિસ્ટમ ડિસાઈડ કરતા હૈ, અપુન ફોલો કરતા હૈ...

# અભિનેતા નાના પાટેકરનું ૭૫ વર્ષની વયે નિધન

**મુંબઈ,** બોલિવુડના દિગ્ગજ અભિનેતા નાના પાટેકરના ૮ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ વહેલી સવારે થયેલા નિધનના સમાચારે દેશ દુનિયામાં તેમના ચાહકોને હચમચાવી દીધા છે. ૭૫ વર્ષના નાના પાટેકર ગોવા સ્થિત તેમના ઘરે કથિત રીતે બેહોશીની હાલતમાં મળી આવ્યા હતા. તેમને છાતીમાં ભારે દુખાવો થયો હોવાની ફરિયાદ હતી અને ત્યારબાદ મણિપાલ હોસ્પિટલ મેડિકલ ટીમને તેમના ફ્લેટ પર મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ હોસ્પિટલ ખસેડાયા જ્યાં તેમને બચાવવાના ભરપૂર પ્રયત્નો થયા પરંતુ ડોક્ટરનું એવું કહેવું હતું કે તેઓ મૃત અવસ્થામાં જ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. આમ છતાં ૪૫ મિનિટથી એક કલાક સુધી સીપીઆર આપીને તેમને બચાવવાનો પ્રયત્ન થયો હતો. પરંતુ સવારે ૫.૩૦ કલાકે તેમને મૃત જાહેર કરાયા.

વિસ્તૃત અહેવાલ પાના ૬ પર

## દેશના ખૂણે-ખૂણે પહોંચ્યું 5G, હવે 6Gની તૈયારી : મોદી



**નવી દિલ્હી,** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે (૮ ઓક્ટોબર) ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ (IMC) ૨૦૨૬નું ઉદ્ઘાટન કર્યું છે. ઉદ્ઘાટન દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, એક સમયે દેશ સામે ડિજિટલ ડિવાઈડ એક મોટો પડકાર હતો, પરંતુ હવે 5G કનેક્ટિવિટી દેશના ખૂણે-ખૂણે પહોંચી રહી છે. તેમણે લોકોનો આભાર માન્યો અને કહ્યું કે દેશની સેવા કરતા તેમને ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. આ દરમિયાન તેમણે અભિનેતા નાના પાટેકરને પણ શ્રદ્ધાંજલિ આપી હતી.

છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં મોબાઈલ ફોન માત્ર વાતચીતનું સાધન નહીં, પરંતુ ગવર્નન્સ અને ડિજિટલ ઈન્ડિયાનો મહત્વનો ભાગ બની ગયો છે. દૂરના ગામડાંના બાળકો પણ મોબાઈલ અને ઈન્ટરનેટની મદદથી શિક્ષણ મેળવી રહ્યા છે. કોરોના મહામારી દરમિયાન પણ મોબાઈલ અને નવી ટેક્નોલોજીના કારણે કામ અને અભ્યાસ ચાલુ રાખી શકાયો હતો. તેમણે ઓનલાઈન શિક્ષણ માટે ‘દીક્ષા’ પ્લેટફોર્મનો પણ ઉલ્લેખ કર્યો. સાથે જ સરકારી યોજનાઓ અને સબસિડીનો લાભ લોકો સુધી સરળતાથી પહોંચ્યો હોવાનું જણાવ્યું. મોટી ટેક કંપનીઓ, ટેલિકોમ કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ ભવિષ્યની ટેક્નોલોજી રજૂ કરી રહ્યા છે.

## CEC જ્ઞાનેશ કુમારના સમર્થનમાં ૪૨ પૂર્વ જજ મેદાનમાં

# કોઈ નક્કર પુરાવાઓ વગરના આક્ષેપો લોકશાહી માટે ખતરારૂપ

### દેશના ૪૨ પૂર્વ જજોએ ચૂંટણી પંચ, ન્યાયતંત્ર અને અન્ય ટોચની બંધારણીય સંસ્થાઓની વિશ્વસનીયતા પર સતત થઈ રહેલા હુમલાઓને ચિંતા વ્યક્ત કરી



**નવી દિલ્હી,** દેશના ૪૨ પૂર્વ જજોએ એક સંયુક્ત ખુલ્લો પત્ર જાહેર કરીને ચૂંટણી પંચ, ન્યાયતંત્ર અને અન્ય ટોચની બંધારણીય સંસ્થાઓની વિશ્વસનીયતા પર સતત થઈ રહેલા હુમલાઓને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. પૂર્વ જજોએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કોઈ નક્કર પુરાવા વિના વોટ ચોરી જેવા ગંભીર આરોપો લગાવવા અને બંધારણીય પદો પર બેઠેલા લોકોને ચોર અથવા વેચાઈ ગયેલા ગણાવવા એક સુનિયોજિત અભિયાનનો ભાગ લાગે છે.

તેમણે ચેતવણી આપી કે રાજકીય લાભ અથવા નિરાશામાં લોકતાંત્રિક સંસ્થાઓની નિષ્પક્ષતા પર આ રીતે સતત કાદવ ઉછાળવો અત્યંત ખતરનાક વલણ છે. તેનાથી જનતાનો પોતાની જ લોકતાંત્રિક વ્યવસ્થા અને સંસ્થાઓ પરથી વિશ્વાસ ઊઠી જવાનું ગંભીર જોખમ ઊભું થઈ રહ્યું છે, જે સીધી રીતે બંધારણના પાયાને નુકસાન પહોંચાડે છે.

પત્રમાં લખવામાં આવ્યું હતું, “અમે એટલા માટે લખી રહ્યા છીએ કારણ કે આવા સમયે ચૂપ રહેવું હવે કોઈ તટસ્થ વિકલ્પ નથી. અમને ઊંડી ચિંતા છે. ભારતની બંધારણીય સંસ્થાઓ પર સતત હુમલા થઈ રહ્યા છે.” તેમાં આગળ કહેવામાં આવ્યું, “ભારતનું ચૂંટણી પંચ આ હુમલાઓના કેન્દ્રમાં છે. અહીં સુધી કે ઉચ્ચ ન્યાયતંત્ર, જેનું અમે ખૂબ સન્માન કરીએ છીએ, અને વૈધાનિક એજન્સીઓને પણ છોડવામાં આવી નથી.”

જજોએ આ વાત પર ભાર મૂક્યો કે આ હુમલા સમજી-વિચારીને કરવામાં આવેલી ટીકા નથી. તેમણે લખ્યું, “આ રાજકીય સ્વાર્થોથી પ્રેરિત એક સુનિયોજિત અભિયાન લાગે છે, જેમાં વિશ્વના સૌથી મોટા લોકતંત્રને અસ્થિર કરવાના સંભવિત વિનાશક પરિણામોની કોઈ પરવા કરવામાં આવી નથી.” મતદાર યાદીના જીંઈનો બચાવ કરતાં હસ્તાક્ષર કરનારા પૂર્વ જજોએ ભારપૂર્વક કહ્યું કે આ કાયદેસર રીતે સ્થાપિત પ્રક્રિયા છે, જેનો હેતુ સ્વચ્છ અને ચોક્કસ મતદાર યાદી સુનિશ્ચિત કરવાનો છે.

પત્રમાં ચેતવણી આપવામાં આવી છે કે “વિશ્વાસ જ લોકશાહીની અસલી મૂડી છે” અને ચૂંટણીની કાયદેસરતા પર સવાલ ઉઠાવવાના પ્રયાસોથી અશાંતિ ફેલાઈ શકે છે અને અરાજક તત્વોને પ્રોત્સાહન મળી શકે છે. આ પત્ર પર હસ્તાક્ષર કરનારાઓમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ, હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશો અને અન્ય લોકો સામેલ છે. હસ્તાક્ષર કરનારાઓમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જસ્ટિસ હેમંત ગુપ્તા અને જસ્ટિસ પંકજ મિત્તલ પણ સામેલ છે.

## ૧ જાન્યુ. સુધી સ્થગિત કરવામાં આવી શકે છે UPI ઉપર ચાર્જ

**નવી દિલ્હી,** UPI ટ્રાન્ઝેક્શન માટે નવા મર્ચંટ ડિસ્કાઉન્ટ રેટ ફ્રેમવર્કને લાગૂ થવાની તારીખ આગળ વધારી ૧ જાન્યુઆરી ૨૦૨૭ કરવાની સંભાવના છે. તહેવારની સિઝન દરમિયાન વેપારીઓ અને ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમને તૈયારીનો પર્યાપ્ત સમય આપવા માટે આ નિર્ણય લેવામાં આવી શકે છે.

નવા નિયમો હેઠળ નાના વેપારીઓ અને પર્ટન-ટૂ-પર્સન ટ્રાન્ઝેક્શન પર શૂન્ય એમડીઆર લાગૂ થશે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ પણ સ્પષ્ટ કર્યું છે કે ખુબ સામાન્ય ચાર્જથી ડિજિટલ ટ્રાન્ઝેક્શનના વોલ્યૂમ પર તેની કોઈ મોટી અસર પડવાની આશા નથી.

ફાઈનાન્શિયલ એક્સપ્રેસે સૂત્રોના હવાલાથી જણાવ્યું કે યુપીઆઈ પર એમડીઆરની તારીખ એટલા માટે વધારી શકાય છે, જેથી વેપારીઓ અને પેમેન્ટ સિસ્ટમની તૈયારી માટે વધુ સમય મળી શકે. જોકે તેના પર હજુ અંતિમ નિર્ણય લેવાયો નથી. સૂત્રોએ કહ્યું કે તેના જાહેર ફ્રેમવર્કમાં કોઈ ફેરફાર થશે નહીં. વર્તમાનમાં યુપીઆઈ લાગૂ થવાની સત્તાવાર તારીખ ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ છે.

### GST અધિકારીઓની સીધી ધરપકડની સત્તા પાછી ખેંચાઈ

## GST કાઉન્સિલની બેઠકમાં અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા

**નવી દિલ્હી,** GST કાઉન્સિલની ૫૭મી બેઠકમાં વેપારીઓ અને કરદાતાઓ માટે અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કાઉન્સિલે GST અધિકારીઓની સીધી ધરપકડ કરવાની સત્તા પાછી ખેંચવા, વેપાર સંબંધિત વિવિધ ખર્ચાઓ પર ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) આપવા અને નાના ટેક્સ વિવાદો ઘટાડવા સંબંધિત દરખાસ્તોને મંજૂરી અપાઈ છે. આ ઉપરાંત ડિલિવરી સર્વિસ, રિટ્રેડેડ ટ્રેક્ટર ટાયર અને નાના કર વિવાદો અંગે પણ મહત્વના સુધારા કરવામાં આવ્યા છે, જેનાથી FMCG, ફાર્મા, ટેલિકોમ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિલિવરી અને કોર્પોરેટ ક્ષેત્રને મોટી રાહત મળશે. GST કાઉન્સિલે અધિકારીઓ પાસેથી સીધી ધરપકડ કરવાની સત્તા પાછી ખેંચવાની દરખાસ્તને મંજૂરી આપી છે. અધિકારીઓ સીધા જ કોઈ વ્યક્તિની ધરપકડ કરી શકશે નહીં. ગંભીર ગુનાહિત કેસો અને જાણીજોઈને કરવામાં આવેલી મોટી ટેક્સ ચોરી જેવા મામલાઓમાં કાર્યવાહી કરવા માટે હવે કાયદાકીય અદાલતી પ્રક્રિયાનું પાલન કરવું પડશે. આ બેઠકના એજન્ડામાં CGST એક્ટની કલમ ૬૯ હેઠળ ધરપકડની જોગવાઈમાં ફેરફાર કરવાનો અને માત્ર અતિ ગંભીર બાબતો પૂરતી જ ફોજદારી કાર્યવાહી મર્યાદિત રાખવાનો પ્રસ્તાવ પહેલેથી સામેલ હતો. કંપનીઓ માટે બીજો મોટો નિર્ણય કર્મચારીઓના સ્વાસ્થ્ય અને જીવન વીમા સાથે જોડાયેલો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, કંપનીઓ પોતાના કર્મચારીઓ માટે જે ગ્રૂપ હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ લે છે તેના પર ચૂકવવામાં આવેલા GSTની ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) ક્લેઈમ કરવાની છૂટ આપવામાં આવી છે.

**નાના વિવાદો ઘટાડવા ૧૦,૦૦૦ રૂપિયાથી ઓછા કેસમાં શો-કોઝ નોટિસ નહીં આપવાનો નિર્ણય કર્યો છે**

## બેંગ્લુરુમાં કોકરોચનું ચપ્પલ પ્રોટેસ્ટ, ધ્રૂવ રાઠી પણ જોડાયો

**બેંગલુરુ,** મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી પંચની એસઆઈઆર (SIR) પ્રક્રિયા સામે દેશભરમાં વિરોધ પ્રદર્શનોનો સિલસિલો યથાવત છે.

પટનાથી લઈને દિલ્હી સુધી વિપક્ષી દળો વિરોધ નોંધાવી રહ્યા છે, ત્યારે કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા બેંગલુરુના ફ્રીડમ પાર્ક ખાતે એક અનોખું ચપ્પલ આંદોલન અને જન-અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિરોધ પ્રદર્શનમાં પ્રખ્યાત અભિનેતા પ્રકાશ રાજ અને જાણીતા યુટ્યુબર ધ્રુવ રાઠી પણ વિશેષરૂપે સામેલ થયા હતા.

બેંગલુરુના ફ્રીડમ પાર્કમાં જન-અદાલતને સંબોધતા અભિનેતા પ્રકાશ રાજે એસઆઈઆર (SIR) હેઠળની વોટર વેરિફિકેશન પ્રક્રિયા સામે આકરા સવાલો ઉઠાવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે ભારતના ચૂંટણી પંચે એસઆઈઆરના માધ્યમથી સમગ્ર દેશનું અપમાન કર્યું છે.

CJP નેતા અભિજીત દીપકેએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે તેમની લડાઈ માત્ર જ્ઞાનેશ કુમારના રાજીનામા પૂરતી મર્યાદિત નથી. જો તેઓ રાજીનામું આપે તો પણ અન્ય કોઈ આવશે, પરંતુ તેમની મુખ્ય માંગ એસઆઈઆર પ્રક્રિયાને સંપૂર્ણપણે નાબૂદ કરવાની છે અને ત્યારબાદ જ્ઞાનેશ કુમારની તપાસ થઈને તેમના વિરુદ્ધ કેસ નોંધવો જોઈએ. આંદોલન દરમિયાન ફ્રીડમ પાર્ક ખાતે "એસઆઈઆર રદ કરો" અને "જ્ઞાનેશ કુમાર ગદ્દી છોડો" જેવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. CJPના સહ-સંયોજક આશુતોષ રાંકાએ જણાવ્યું હતું કે આ ચપ્પલ પ્રદર્શન એવા નાગરિકોના સમર્થનમાં યોજવામાં આવ્યું છે.

**CEC જ્ઞાનેશ કુમાર અને SIR પ્રક્રિયા સામે દેશભરમાં વિરોધ પ્રદર્શનો વચ્ચે, અભિનેતા પ્રકાશ રાજ જોડાયા**

## કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી-પ્રિયંકા ગાંધી પર ફરી FIR

**નવી દિલ્હી,** દિલ્હી પોલીસ દ્વારા બુધવારે કોંગ્રેસના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસકર્મીઓ સાથે કથિત મારપીટ કરવા અને સરકારી કામમાં અડચણ ઊભી કરવાના ગંભીર આક્ષેપ હેઠળ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત અનેક કોંગ્રેસ નેતાઓ અને કાર્યકરો વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કેસમાં પ્રદર્શન દરમિયાન બનેલી ઘટનાઓની તપાસ શરૂ કરવામાં આવી છે.પોલીસના જણાવ્યા અનુસાર, બુધવારે યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા ઉપરાંત અનેક કોંગ્રેસ નેતાઓ અને કાર્યકરોએ ભાગ લીધો હતો.

## દિલ્હીમાં ૪ માળની જર્જરિત ઈમારત ધરાશાયી, ૩ ના મોત

**નવી દિલ્હી, તા.૮**

દિલ્હીના સીમાપુરી વિસ્તારમાં બુધવારે મોડી રાત્રે એક અત્યંત કરુણ હોનારત સર્જાી હતી. માત્ર ૨૫ વારના પ્લોટ પર બનેલી ચાર માળની ઈમારત અચાનક પત્તાના મહેલની જેમ કડડભૂસ થઈને રસ્તા પર ગડી પડી હતી. આ ભયાનક અકસ્માતમાં ગર્ભવતી મહિલા અને ૨ બાળકો સહિત કુલ ૩ લોકોના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે મલબા નીચે દબાયેલા ૧૧ લોકોને સલામત રીતે બહાર કાઢી સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઈમારત ધરાશાયી થવાની ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ૪ ગાડીઓ અને સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ડીસીપી આર. મીણાના જણાવ્યા અનુસાર, મલબા નીચે દબાયેલા લોકોને બહાર કાઢવા માટે તાત્કાલિક ધોરણે મોટું રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.






E-mail : drashtikonjanvani09@gmail.com

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક સુરત/તાપી
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

Friday, 09 October-2026
શુક્રવાર, તા.૦૯/૧૦/૨૦૨૬

## પોલીસે પ્રમુખ સહિત મોટી સંખ્યામાં આગેવાનો-કાર્યકરોની અટકાયત કરી

# સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કાળા દિવસની ઉજવણીઃ ચૂંટણી પંચ સામે ઉગ્ર વિરોધ



તસવીરઃ હનિફ મલિક, સુરત

**દ્રષ્ટિકોણ-સુરત :** લોકશાહી બચાવવા માટે રસ્તા પર સંઘર્ષ કરી રહેલા લોકસભાના વિપક્ષના નેતા સહિત વિપક્ષના સાંસદો સામે હૈંઇ તેમજ અટકાયતના વિરોધમાં દેશભરમાં આજે બ્લેક-ડે તરીકે પ્રદર્શન કરવામાં આવ્યું હતું જેમાં સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કાળા દિવસની ઉજવણી કરીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

કોંગ્રેસ પક્ષ દ્વારા ચૂંટણી પ્રક્રિયામાં કથિત વોટ ચોરી અને ભારતીય જનતા પાર્ટીને લાભ પહોંચાડવામાં આવ્યો હોવાના આક્ષેપો સાથે ચૂંટણી પંચની કામગીરી સામે સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. આ મુદ્દે ચૂંટણી પંચના સંબંધિત અધિકારી જ્ઞાનેશ ગુપ્તાના રાજીનામાની માગણી સાથે કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોએ કાળા વસ્ત્રો ધારણ કરીને તથા હાથ પર કાળી પટ્ટીઓ બાંધીને વિરોધ નોંધાવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન "વોટ ચોર ગદ્દી છોડ", "જ્ઞાનેશ ગુપ્તા રાજીનામું આપો" અને "વોટ ચોર કહાં મિલેગે, ભાજપા કે દફ્તર મેં" જેવા સૂત્રોચ્ચાર કરીને ચૂંટણી પંચની કામગીરી સામે ઉગ્ર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સુરત શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી વિપુલભાઈ ઉધાનાવાલાની આગેવાની હેઠળ યોજાયેલા આ વિરોધ પ્રદર્શનમાં સુરત શહેર કોંગ્રેસ સમિતિના વિપક્ષના નેતા શ્રી અરશદ જરીવાલા, પૂર્વ કોર્પોરેટર શ્રી અસ્લમ સાયકલવાલા, મહિલા કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી મમતા સવાણી હ્રજીૈ ના પ્રમુખ શ્રી માજીદ પટેલ તેમજ યુવક કોંગ્રેસ ના મેહુલ રાયકા તેમજ માયનોરેટીના ચેરમેન શ્રી કાદર સેલોત તેમજ સેવાદળ પ્રમુખ સંતોષ પાટીલ, માલધારી સેલ ના પ્રમુખ શ્રી વાઘજીભાઈ રબારી તેમજ હોદ્દેદારો, આગેવાનો અને મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

સૌએ લોકશાહી અને મતાધિકારની રક્ષા માટે અવાજ ઉઠાવી ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અને નિષ્પક્ષતા જાળવવાની માગણી કરી હતી. સુરત શહેર કોંગ્રેસ સમિતિએ સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે લોકશાહી અને નાગરિકોના મતાધિકારની રક્ષા માટે કોંગ્રેસનો સંઘર્ષ સતત ચાલુ રહેશે! પોલીસે પ્રમુખ સહિત મોટી સંખ્યામાં આગેવાનો-કાર્યકરોની અટકાયત કરી છે.

## કોસંબા ૧૦૮ ટીમે એમ્બ્યુલન્સમાં જ સગર્ભાની સફળ પ્રસૂતિ કરાવી



### કરજણ ગામ નજીક પ્રસૂતિની તીવ્ર પીડા ઉપડતાં તાત્કાલિક પહોંચી ટીમ; EMTની સૂઝબૂઝથી માતા અને નવજાતને સુરક્ષિત સારવાર

**દ્રષ્ટિકોણ-સુરતઃ** કામરેજ તાલુકાના કરજણ ગામ નજીક સગર્ભા મહિલાને અચાનક પ્રસૂતિની તીવ્ર પીડા ઉપડતાં પરિવારજનોએ ૧૦૮ ઈમરજન્સી સેવાનો સંપર્ક કર્યો હતો. જાણ મળતાં કોસંબા લોકેશનની ૧૦૮ એમ્બ્યુલન્સના EMT કિરણભાઈ બારીઆ અને પાઈલોટ આતિષ જોશી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

સગર્ભા અંજુબેનને વધુ સારવાર માટે CHC સાયણ ખાતે લઈ જવામાં આવી રહ્યા હતા. દરમિયાન રસ્તામાં જ તેમની પ્રસૂતિની સ્થિતિ સર્જાતા એમ્બ્યુલન્સમાં જ તાત્કાલિક સારવાર આપવાની ફરજ પડી હતી. આ સમયે ERCP ફિઝિશ્યન ડૉ. સહદેવના તબીબી માર્ગદર્શન હેઠળ EMT કિરણભાઈ બારીઆએ એમ્બ્યુલન્સમાં ઉપલબ્ધ ડિલિવરી કીટ અને જરૂરી સાધનોની મદદથી સફળતાપૂર્વક પ્રસૂતિ કરાવી હતી.પ્રસૂતિ બાદ માતા અને નવજાત બાળકને કોઈ મુશ્કેલી ન થાય તે માટે બંનેને સુરક્ષિત રીતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સાયણ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં જરૂરી તબીબી સારવાર આપવામાં આવ્યા બાદ હાલ માતા અને નવજાત બાળક બંને સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું છે.આ સમગ્ર કામગીરી દરમિયાન EMT કિરણભાઈ બારીઆ અને પાઈલોટ આતિષ જોશીએ સમયસર પહોંચીને પરિસ્થિતિ સંભાળી હતી. તેમની તત્પરતા, સૂઝબૂઝ અને તબીબી માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલી કામગીરી બદલ EME હિતેષ રોહિત તથા પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠાકરે બંનેની કામગીરીની પ્રશંસા કરી હતી. મુશ્કેલ અને ઈમરજન્સીની પરિસ્થિતિમાં એમ્બ્યુલન્સમાં જ કરાયેલી સફળ પ્રસૂતિથી માતા અને નવજાત બાળકને સમયસર સારવાર મળી શકી હતી.

# નવી સિવિલમાં મહારાષ્ટ્રના ખેડૂતની જટિલ થાપાની સર્જરી વિનામૂલ્યે સફળ



તસવીરઃ હનિફ મલિક, સુરત

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૮**

થાપાનો ગોળો સૂકાઈ જવાની ગંભીર બીમારીથી પીડાતા મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના મોહાડી ગામના ખેડૂતની અતિ જટિલ થાપાના ગોળાની રિપ્લેસમેન્ટ સર્જરી નવી સિવિલ હોસ્પિટલના કુશળ તબીબોએ વિનામૂલ્યે સફળતાપૂર્વક પાર પાડીને દર્દીને અસહ્ય પીડામાંથી મુક્ત કરાવ્યા હતા. સુરતની નવી સિવિલ હોસ્પિટલ માત્ર ગુજરાતના જ નહીં, પરંતુ પાડોશી રાજ્યના ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓ માટે વરદાન સાબિત થઈ રહી છે.

મહારાષ્ટ્રના ૪૬ વર્ષીય ખેડૂત ગજાનંદ હરિ સરતાલેને ૨૦૧૯માં ડાબા થાપામાં તકલીફ થતાં મુંબઈ, નાસિક અને પુણે જેવા મોટા શહેરોમાં સારવાર લઈ ઓપરેશન કરાવ્યું હતું. ત્યારબાદ અચાનક તેમને જમણા થાપામાં અસહ્ય દુઃખાવો શરૂ થયો હતો. તપાસ દરમિયાન તેમને Avascular Necrosis of Hip (થાપાનો ગોળો સૂકાઈ જવાની ગંભીર બીમારી) હોવાનું નિદાન થયું હતું, જેમાં જમણા થાપાનો ગોળો ૬૦થી ૭૦ ટકા સુધી ખરાબ થઈ ગયો હતો. મોહાડી ગામના અગ્રણીઓ રામ પાટીલ અને ભાવિની પટેલની સલાહ મેળવી તેઓ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવ્યા હતા. નવી સિવિલના તબીબી અધિક્ષક ડૉ. પારુલ વડગામાના માર્ગદર્શન હેઠળ ઓર્થોપેડિક વિભાગની કુશળ ટીમે સફળ સર્જરી કરી દર્દીને સ્વસ્થ કર્યા છે. સિવિલના ઓર્થોપેડિક વિભાગના યુનિટ હેડ ડૉ. મનીષ

### થાપાનો ગોળો સૂકાઈ જવાની ગંભીર બીમારીની મુંબઈ, નાસિક, પૂણે જેવા શહેરોમાં સર્જરી કરાવી હતી, જે નિષ્ફળ રહી હતી

પટેલ, સિનિયર રેસિડેન્ટ ડૉ. અહેસાન અલી અને ડૉ. મિહિર પરડવાની ટીમે દોઢ કલાક સુધી જટિલ સર્જરી કરી ગોળાનું રિપ્લેસમેન્ટ સફળતાપૂર્વક પાર પાડ્યું હતું. વોર્ડના હેડ નર્સ, ઓપરેશન થિયેટરના હેડ નર્સ, સફાઈ કર્મચારીઓએ સહયોગ આપ્યો હતો. સંજય પરમાર અને બિપીનભાઈએ નવી સિવિલ અને દર્દી સાથે સંકલન કર્યું હતું.

### નવી સિવિલમાં દર મહિને ૨૦થી ૨૫હીપ રિપ્લેસમેન્ટની જટિલ સર્જરી વિનામૂલ્યે કરાય છે

ઓર્થોપેડિક વિભાગના વડા ડૉ. હરિ મેનને જણાવ્યું હતું કે, નવી સિવિલના ઓર્થોપેડિક વિભાગમાં નિયમિતપણે દર મહિને ૨૦થી ૨૫ હીપ રિપ્લેસમેન્ટના સફળ ઓપરેશનો કરવામાં આવે છે. ખાનગી હોસ્પિટલોમાં આ પ્રકારની સર્જરી માટે અઢીથી ત્રણ લાખ રૂપિયા જેટલો માતબર ખર્ચ થતો હોય છે, જે ગજાનંદભાઈ જેવા સામાન્ય ખેડૂત માટે વહન કરવો અશક્ય હતો. પરંતુ સુરત નવી સિવિલમાં આ સર્જરી વિનામૂલ્યે થઈ છે.

## ઉધનામાં કારખાનામાં ઘુસી મહિલાની છેડતી

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૮**

ઉધના રોડ નંબર-૨ પર આવેલા કારખાનામાં દીવાલ કૂદીને ઘૂસેલા રોમિયોએ મહિલાની છેડતી કરી જાનથી મારી નશ્વાંખવાની ધમકી અપા હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ઉધના રોડ નંબર ૨ ઉપર લક્ષ્મીમીકેમિકલ વર્કસ નશ્વામના કારખાનામાં ગત તા ૫મી ઓક્ટોહરના રોજ રાહુલ શર્મા નામનો યુવક કારખાનાની દીવાલ કૂદીને આવ્યો હતો.અને કારકાનામાં કામ કરતી મહિલા સાથે ગાળાગાળી કરી તેનો હાથ પકડી લાજ લેવાનો પ્રયાસ કર્યો હતો. રાહુલ શર્માએ જતા જત મહિલાને જાનથી પણ મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ઉધના પોલીસે રાહુલ શર્મા સામે ગુનો નોદ્વધી તેની શોધખોળ શરૂ કરી છે.

## તાપી જિલ્લામાં ચાઈનીઝ તુક્કલ-માંઝાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ

### ચાઈનીઝ લેન્ટર્ન, નાઈલોન-પ્લાસ્ટિક દોરી સહિત હાનિકારક દોરીના સંગ્રહ અને ઓનલાઈન વેચાણ પર પણ રોક; ૩ ડિસેમ્બર સુધી અમલવારી

**દ્રષ્ટિકોણ-તાપીઃ** તાપી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ચાયનીઝ તુક્કલ, લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા સહિતનું ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ પર અધિક નિવાસી મેજિસ્ટ્રેટશ્રી આર.આર.બોરડે કેટલાંક પ્રતિબંધો ફરમાવતુ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે.જાહેરનામા મુજબ, કોઈપણ વ્યક્તિ/સંસ્થા કે કંપની ચાયનીઝ તુક્કલ/ચાયનીઝ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા/નાઈલોન (પ્લાસ્ટિક)ની દોરી, કાચ પાયેલી તથા સિન્થેટીક કે અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોનું ઉત્પાદન કે વેચાણ કરી શકાશે નહી, કોઈ પણ પ્રસંગે ઉડાડી શકાશે નહી કે અન્ય કોઈ પણ રીતે ઉપયોગ કરી શકાશે નહી. તેમજ ઓનલાઈન પ્લેટફોર્મ મારફત પણ ઉપરોક્ત પ્રતિબંધિત સામગ્રીનું વેચાણ-ખરીદી કરી શકાશે નહી. આ જાહેરનામાની અમલવારી તા.૦૩.૧૨.૨૦૨૬ સુધી કરવાની રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

## પુણામાં પતિની બોગસ સહી કરી પત્નીએ કાર લોન લીધી

### નિતાબેન હિરપરા સહિત બે સામે ગુનો, લોન ઍપ્લિકેશનમાં પતિનું નામ સહઅરજદાર તરીકે દર્શાવી બોગસ સહીઓ કરી

**દ્રષ્ટિકોણ-સુરત,તા.૮**

પુણાગામ, કારગીલ ચોક વિસ્તારમાં રહેતા રત્શ્વનકલાકારની જાણ બહાર તેની પત્શ્વનીએ હ્યુન્ડાઈ ઓરા કાર ખરીદવા મશ્વાટેની લોન ઍપ્લિકેશનમાં સહ અરજદાર તરીકે દર્શાવી અલગ અલગ જગ્યાએ બોગર્સ સહીઓ કરી કાર લોન લીધી હતી. સમગ્ર મામલે પોલીસે રત્શ્વનકલાકારની ફરિયાદને આધારે તેની પત્શ્વની સહિત બે સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પુણાગામ, કારગીલ ચોક,મારૂતીધામ સોસાયટીમાં રહેતા અને હીરા ઘસવાની મજુરી કામ કરતા બાવચંદભાઈ ભાણાભાઈ હિરપરા (ઉ.વ.૫૨)એ ગતરોજ તેની પત્શ્વની નિતાબેન હિરપરા અને અમિત રમેશભાઈ શિંગાળા સામે ફરિયાદ શ્વનોદ્વધાવી હતી જેમાં તેઓએ જણાવ્યું હતું કે તેની પત્ની નિતાબેન સહિતના આરોપીઓએ એકબીજાની મદદગારીથી નવજીવન હ્યુન્ડાઈ શોરૂમમાંથી હ્યુન્ડાઈ ઓરા કાર ખરીદી હતી.

આ કાર માટે કોટક મહિન્દ્રા પ્રાઈમ લિમિટેડ બેક્રમાંથી ગત તા. ૨૭ ઓગસ્ટે લોન લેવામાં આવી હતી. આરોપીઓએ લોન લેવા માટે લોન ઍપ્લિકેશનમાં બાવચંદભાઈનું નામ તેમની જાણ બહાર સહઅરજદાર તરીકે દર્શાવી ઍપ્લિકેશન ફોર્મની અલગ-અલગ જગ્યાએ તેમની બોગસ સહી ઓ કરી હતી. અને સાચી સહી તરીકે બેક્રમાં રજૂ કરી કાર માટે લોન લીધી હતી. જાકે સમગ્ર મામલો બાવચંદ હિરપરાના ધ્યાને આવતા ગતરોજ ફરિયાદ નોદ્વધાવતા પુણા પોલીસે પત્ની નિતાબેન હિરપરા અને અમિત શિંગાળા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સ્પેક્ટ્રમ એડવાન્સ આઈ કેરનું વિસ્તરણ, ૧૧મીએ ZEISS VisuMax SMILE pro સુવિધાનું ઉદ્ઘાટન



**સુરત :** સુરત અને દક્ષિણ ગુજરાતના લોકોને છેલ્લા ૨૫ વર્ષથી આંખની સારવારની સેવાઓ પૂરી પાડતી સ્પેક્ટ્રમ એડવાન્સ આઈ કેર અને સ્પેક્ટ્રમ આઈ મેક્સ દ્વારા હોસ્પિટલનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. ટાઈટેનિયમ સ્ક્વેર, અડાજણ ગામ, અડાજણ હજીરા રોડ, સુરત ખાતે દર્દીઓને આંખની સારવારની વધુ આધુનિક અને અદ્યતન સુવિધાઓ મળી રહે તે હેતુથી વિશ્વસ્તરીય ટેકનોલોજી અને મેડિકલ સુવિધાઓનો ઉમેરો કરવામાં આવ્યો છે.

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં પ્રથમ આ હોસ્પિટલ ખાતે ચશ્માના નંબર દૂર કરવા માટે વિશ્વસ્તરીય ટેકનોલોજી અને અદ્યતન મશીનરી ઉપલબ્ધ કરવામાં આવી છે. આ અંતર્ગત ૧૧ ઓક્ટોબરના રોજ ZEISS VisuMax SMILE pro સુવિધાનું ઉદ્ઘાટન કરવામાં આવશે. દર્દીઓને ચશ્માના નંબર દૂર કરવાની શ્રેષ્ઠ અને આધુનિક સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે સંસ્થા સતત પ્રયત્નશીલ હોવાનું હોસ્પિટલ સંચાલકોએ જણાવ્યું હતું. સંસ્થાના જણાવ્યા મુજબ, સમયની સાથે આંખોની સારવાર ક્ષેત્રે નવી ટેકનોલોજી ઉપલબ્ધ થતી જાય છે અને તે પ્રમાણે હોસ્પિટલમાં પણ સારવારની સુવિધાઓને સતત અપગ્રેડ કરવામાં આવે છે. હોસ્પિટલમાં રેટિના અને કોર્નિયાની સારવાર માટે ફુલટાઈમ નિષ્ણાત તબીબો ઉપલબ્ધ છે.

આ ઉપરાંત મોતિયાના ઓપરેશન, ત્રાસી આંખના ઓપરેશનની સુવિધા તેમજ આંખની વિવિધ બીમારીઓની તપાસ અને સારવારની સુવિધા પણ ઉપલબ્ધ છે.હોસ્પિટલ હ્યુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ હેઠળ રજિસ્ટર્ડ હોવાનું જણાવાયું છે અને અહીં કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશન પણ કરવામાં આવે છે. ઉપરાંત ગ્લોકોમા (ઝામર) સંબંધિત બીમારીઓના નિદાન, નિષ્ણાત સલાહ અને ઓપરેશન માટેની સુવિધા પણ ઉપલબ્ધ છે. આંખોની સારવારના વિવિધ ક્ષેત્રોને આવરી લેતા ન્યુરોઓપ્થેલ્મોલોજી અને ઓક્યુલોપ્લાસ્ટિક્સ ક્ષેત્રના નિષ્ણાત તબીબોની સેવાઓ પણ સેન્ટર ખાતે ઉપલબ્ધ છે. આંખોની સંપૂર્ણ તપાસની સુવિધા સાથે દર્દીઓને એક જ સ્થળે આંખ સંબંધિત મોટા ભાગની તપાસ, નિદાન અને સારવારની સુવિધા મળી રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે.સેન્ટરના સંચાલન અને દર્દીઓની સારવાર માટે આશરે ૨૦ તબીબોની ટીમ સેવા આપી રહી છે. આ ઉપરાંત સુરત અને દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોના નિષ્ણાત તબીબો પણ પોતાના દર્દીઓને જરૂરી સારવાર અને નિષ્ણાત સેવાઓનો લાભ અપાવવા માટે સેન્ટરની મુલાકાત લે છે.

## વોટ્સઅપ ઉપર આવેલ કંકોત્રીની ફાઈલ ઓપન કરતા જ યુવકના ખાતામાંથી ૯૯ હજાર ઉપડી ગયા

**સુરત,** સગરામપુરા વિસ્તારમાં રહેતો યુવક ઓનલાઈન સાયબર ફ્રોડનો શિકાર બન્યા છે. એડવોકેટે તેના ક્લાયન્ટના મોબાઈશ્વલ નશ્વંબર પરથી આવેલી લગ્શ્વનની કંકોત્રીની ફાઈલ ઓપન કરવાની સાથે જ તેમનો મોબાઈલ ફોન હેક થઈ ગયો હતો અને ત્યારબાદ ગણતરીના કલાકોમાં તેમના ખાતામાંથી ૯૯ હજાર અન્ય બેક્ર ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હતા.

સગ્રામપુરાના કૈલાશનગરમાં સાગર ઍપાર્ટમેન્ટમાં રહેતા અને બાંથીયા કન્સલટન્સીમાં પ્રોજેક્ટ ફાઈનાન્સ તરીકે નોકરી કરતા ૪૮ વર્ષીય જીગર વાઘજીભાઈ શાહના મોબાઈલના વોટ્સઅપ ઉપર તેમના ક્લાયન્ટ પ્રકાશ બારીયાના વોટ્સઍપ મોબાઈલ નંબર પરથી લગ્શ્વની કંકોત્રીની ઍપીકે નામની ફાઈલ આવી હતી.

જીગરભાઈએ કંકોત્રીની ઍપીકે ફાઈલ ખોલતાં જ મોબાઈલ હેક થઈ ગયો હતો. અને ત્યારબાદ તા.૩ સપ્ટેમ્બરથી તા.૯ સપ્ટેમ્બર દરમિયાન તેમના સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડિયાના ખાતામાંથી તેમની જાણ બહાર અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂપિયા ૯૯,૯૯૬ કેનેરા બેક્રના ખાતામાં ટ્રાન્સફર કરી લેવામાં આવ્યા હતા.

બેક્ર ખાતામાંથી રકમ ઉપડી જતાં તેઓ ચોકી ઉઠ્યા હતા. અને પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે જીગરભાઈની ફરિયાદે આધારે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## FDCAના મોટા દરોડાઃ કરજણ-સુરતમાં ૪ પેઢીઓ સામે કડક કાર્યવાહી

**દ્રષ્ટિકોણ-સુરતઃ** ગુજરાતમાં નશામુક્તિ અભિયાનને વધુ અસરકારક બનાવવા અને નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની સૂચનાથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (FDCA) દ્વારા વડોદરા અને સુરત જિલ્લામાં ગેરકાયદે દવાઓના સંગ્રહ અને વેચાણ સામે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. કાર્યવાહીમાં ચાર પેઢીઓ સામે કાર્યવાહી કરી કુલ અંદાજિત રૂ. ૪૨.૬૬ લાખથી વધુનો દવાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

મહારાષ્ટ્ર હ્રઝ્રમ્ પાસેથી મળેલી ચોક્કસ બાતમીના આધારે કરજણની મેસર્સ ચામુંડા ફાર્મા ખાતે સંયુક્ત દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન NDPS એક્ટ હેઠળ આવતી ANREX (Codeine) કફ સિરપની ૧૩,૯૩૮ બોટલો, અંદાજિત રૂ. ૨૭.૮૦ લાખની કિંમતનો જથ્થો તથા TRAMADOLની ૧૨,૨૪૦ ટેબ્લેટ્સ, અંદાજિત રૂ. ૫૦ હજારનો જથ્થો મળી આવ્યો હતો. ગંભીર કાયદાકીય ભંગ બદલ પેઢીને સીલ કરી તેના ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ હેઠળના વેચાણ પરવાના 20-B અને 21-B તા. ૧ ઓક્ટોબર ૨૦૨૬થી કાયમી ધોરણે રદ કરવામાં આવ્યા છે.

ચામુંડા ફાર્મા સાથે સંબંધિત કરજણની મેસર્સ માજીસા મેડિકલ સ્ટોર્સ ખાતે પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. અહીં NDPS ઘટક ધરાવતી LOMOTIL ટેબ્લેટ્સનો જથ્થો મળી આવ્યો હતો. તપાસ દરમિયાન રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટની ગેરહાજરી તેમજ દવાઓ માટે જરૂરી નિયત તાપમાન જાળવતું ફ્રિજ બંધ હાલતમાં હોવાનું પણ સામે આવ્યું હતું. આ ગંભીર ક્ષતિઓ બદલ કારણદર્શક નોટિસ પાઠવી પેઢીના છૂટક દવા



વેચાણના પરવાના તા. ૫ ઓક્ટોબર ૨૦૨૬થી કાયમી ધોરણે રદ કરવામાં આવ્યા છે.ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે Sildenafil Citatac સહિતની દવાઓનું ગેરકાયદે વેચાણ કરનારાઓ સામે પણ કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ અંતર્ગત સુરતના વરાછા વિસ્તારમાં આવેલી મેસર્સ ડર્મેટીક્સ ઈન્ડિયા ખાતે તા. ૧ ઓક્ટોબરે દરોડો પાડવામાં આવ્યો હતો.તપાસ દરમિયાન પેઢી પાસે કોઈ માન્ય ડ્રગ લાઈસન્સ ન હોવા છતાં પોતાની વેબસાઈટ મારફતે દવાઓનું વેચાણ કરવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું. સ્થળ પરથી Sildenafil, Minoxidil અને Kaoconazole સહિત રૂ. ૧૧.૨૬ લાખથી વધુ કિંમતનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

## માંગરોળના ઝંખવાવ ગામના ખેડુત સાથે ફ્લેટના નામે છેતરપિંડી

**દ્રષ્ટિકોણ-સુરત,** સુરત જીલ્લાના માંગરોળશ્વના ઝંખવાવ ગામ ખાતે રહેતા ખેડુત સાથે ફ્લેટના બહાને છેતરપિંડી કરવામાં આવી છે.

નાનપુરાના નામચીન સજ્જુ કોઠારીએ સાગરીત સાથે મળી ખેડુત પાસેથી ફ્લેટ અપાવવાના બહાને રૂપિયા ૩૦ લાખની કિંમતની ફોર્ચ્યુનર ગાડી પડાવી લીધી હતા. અને ફ્લેટ નહી આપી ઉપરથી ખેડુતે ગાડી પરત માશ્વંગતા જાનથી મારી નશ્વાંખવાની ધમકી આપી હતી.

અઠવા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ માગરોળ તાલુકાના ઝંખવાવ ગામ, મેન બજાર, પશ્ચિમ બજાર ફળિયું ખાતે રહેતા ખેડુત મોહસીનખાન ગુલમહમદ પઠાણ (ઉ.વ.૪૦) સાથે છેતરપિંડીનો બનાવ બન્યો હતો. ૨૦૧૬માં સજ્જુ કોઠારી (રહે, નાનપુરા, જમરૂખ ગલી) અને સંજય બાગલે (રહે,નવસારી )એ તેમને ફ્લેટ અપાવવાનું કહી વિશ્વાસ અને ભરોસો આપી તેની પાસેથી રૂપિયા ૩૦ લાખની કિંમતની ફોર્ચ્યુનર કાર મેળવી લીધી હતી.

ત્યારબાદ બંને જણા ફ્લેટનો દસ્તાવેજ કરી આપવા મશ્વાટે ખોટા ખોટા વાયદાઓ આપી સમય પસાર કરી દસ્તાવેજ કરી આપતા ન હતા જેથી મોહસીનખાનને પોતાની કાર પરત માંગતાં ઉશ્કેરાઈને સજજુ કોઠારીએ તેમનેશ્વ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આખરે બનાવ અંગે મોહસીનખાન પઠાણે ગતરોજ ફરિયાદ નોદ્વધાતા અઠવા પોલીસે સજ્જુ કોઠારી અને સંજય બાગલે સામે ગુનો દાખલ કરી આગળની તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
E-mail : drashtikonjanvani09@gmail.com


# રાહુલ ગાંધી-ખડગે સામેની પોલીસ કાર્યવાહીના વિરોધમાં આહવામાં કોંગ્રેસનું પ્રદર્શન

## ગાંધી ઉદ્યાન બહાર ડાંગ જિલ્લા કોંગ્રેસનો વિરોધ; કાર્યકરોને પોલીસ દ્વારા ડિટેન કરાયા



**દ્રષ્ટિકોણ-ડાંગ:** નવી દિલ્હીમાં રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિતના વિપક્ષી નેતાઓના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ કાર્યવાહી અને કથિત લાઠીચાર્જના વિરોધમાં આજે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આહવાના ગાંધી ઉદ્યાન બહાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અહેવાલો મુજબ, દિલ્હીમાં વિરોધ કરી રહેલા કોંગ્રેસના કાર્યકરો સામે પોલીસ દ્વારા બળપ્રયોગ કરવામાં આવ્યો હોવાના આક્ષેપો બાદ કોંગ્રેસે દેશભરમાં વિરોધનું આહ્વાન કર્યું છે.આહવામાં યોજાયેલા વિરોધ દરમિયાન કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ પોલીસ કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી હતી. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે નાગરિકોના બંધારણીય અને મૌલિક અધિકારો હોવા છતાં વિરોધ કરી રહેલા લોકોને અટકાવવામાં આવી રહ્યા છે. આ પ્રકારની કાર્યવાહી કોના ઈશારે થઈ રહી છે તે અંગે પણ કોંગ્રેસે સવાલો ઉઠાવ્યા હતા.

કોંગ્રેસના જણાવ્યા મુજબ, ગઈકાલે રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સહિતના નેતાઓના વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી પોલીસ કાર્યવાહી અને કથિત લાઠીચાર્જના વિરોધમાં આહવામાં વિરોધ કરવા પહોંચેલા કોંગ્રેસના કાર્યકરો તથા આગેવાનોને પોલીસે અટકાવીને આહવા પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયા હતા.

### આહવા પોલીસ સ્ટેશન ખાતે કાર્યકરો ડિટેન કરાયાનો દાવો

ગાંધી ઉદ્યાન બહાર વિરોધ પ્રદર્શન બાદ કેટલાક કોંગ્રેસી કાર્યકરોને પોલીસે ડિટેન કરીને આહવા પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયા હોવાનો કોંગ્રેસ દ્વારા દાવો કરવામાં આવ્યો છે. ડિટેન કરાયેલા લોકોની ચોક્કસ સંખ્યા અને પોલીસ કાર્યવાહીનું કારણ અંગે સત્તાવાર પોલીસ નિવેદન મળવાનું બાકી છે. દિલ્હીની ઘટનાના પડઘા ડાંગ સુધી પહોંચતા આહવામાં પણ કોંગ્રેસે પોલીસ કામગીરી સામે વિરોધ નોંધાવ્યો છે. હવે કોંગ્રેસના આક્ષેપો અંગે પોલીસ અને વહીવટી તંત્ર તરફથી શું સ્પષ્ટતા કરવામાં આવે છે તેના પર નજર છે.

**કોંગ્રેસનો સવાલઃ વિરોધ કરવાનો અધિકાર ક્યાં ગયો?**

વિરોધ દરમિયાન કોંગ્રેસના આગેવાનોએ સરકાર અને પોલીસ તંત્રને સવાલ કર્યો હતો કે જો નાગરિકો પોતાના પ્રશ્નો અને વિરોધ રજૂ કરવા માટે લોકતાંત્રિક રીતે રસ્તા પર ઉતરે છે, તો તેમને શા માટે અટકાવવામાં આવે છે? કોંગ્રેસે સમગ્ર ઘટનામાં પારદર્શિતા જાળવી જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી.કોંગ્રેસના આગેવાનોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને લઈને ચાલી રહેલા રાષ્ટ્રીય સ્તરના વિવાદનો પણ ઉલ્લેખ કર્યો હતો અને સવાલ કર્યો હતો કે શું કોઈ મોટા અધિકારી અથવા રાજકીય નેતાને બચાવવા માટે પોલીસ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જોકે, આ બાબત અંગે કોંગ્રેસના આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

# શિક્ષકોને રોબોટ નહીં, માણસ સમજો; ઈતર કામગીરીનું ભારણ બંધ કરો : ડો. નિરવ પટેલ

## તીડ ભગાડવાથી માંડી કૂતરા ગણવા અને વસ્તી ગણતરી સુધીની કામગીરી શિક્ષકોને સોંપાતા શિક્ષણકાર્ય પર અસર : કપરાડાના શિક્ષકના આપઘાત બાદ આદિવાસી સમાજમાં રોષ

**દ્રષ્ટિકોણ-ખેરગામ,** કપરાડા તાલુકાના નીલોસી ગામના આચાર્ય શંકર જાદવે નેટવર્કના અભાવ વચ્ચે ઓનલાઈન કામગીરીના ભારણથી કંટાળી આપઘાત કર્યો હોવાના આક્ષેપો વચ્ચે સમગ્ર વિસ્તારમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. આ ઘટનાને પગલે સમસ્ત આદિવાસી સમાજના યુથ લીડર ડો. નિરવ ભુલાભાઈ પટેલ સહિતના આગેવાનોએ શંકર જાદવના પરિવારની મુલાકાત લઈ તેમની વેદના સાંભળી હતી.

ડો. નિરવ પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવી શિક્ષકો પરના બિનશૈક્ષણિક કામોના ભારણ અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું કે "સરકાર શિક્ષકોને પણ માણસ જ ગણે, રોબોટ નહીં. શિક્ષકોને તીડ ભગાડવા, કૂતરા ગણવા, સર્વે કામગીરી, વસ્તી ગણતરી સહિતની ઈતર કામગીરી સોંપીને શિક્ષણકાર્યનું ભારણ વધારવામાં આવે છે. પરિણામે વર્ગખંડનું શિક્ષણ ધીમું પડે છે અને તેની સીધી અસર ગરીબ તથા આદિવાસી બાળકોના ભવિષ્ય પર પડે છે."

તેમણે વધુમાં જણાવ્યું કે એક તરફ સરકાર 'ડિજિટલ ઈન્ડિયા'ની વાત કરે છે, પરંતુ ધરમપુર, કપરાડા, વાંસદા અને ડાંગ જેવા વિસ્તારોમાં અનેક સ્થળે હજુ પણ પૂરતું મોબાઈલ નેટવર્ક ઉપલબ્ધ નથી. આવી સ્થિતિમાં શિક્ષકો પાસેથી સતત ઓનલાઈન કામગીરી કરાવવી કેટલી વ્યવહારુ છે તે અંગે સરકારને વિચારવું જોઈએ.

આગેવાનોએ આક્ષેપ કર્યો કે નેટવર્ક માટે પહાડો પર ચઢીને કામગીરી કરવાની ફરજ પડતી હોવાના બનાવો અગાઉ પણ સામે આવ્યા છે. તામછડી ગામમાં નેટવર્ક મેળવવા પહાડ પર ચડેલા એક વ્યક્તિને સર્પદંશ થયાની ઘટના પણ તેમણે ટાંકી હતી.

ડો. નિરવ પટેલે સવાલ ઉઠાવ્યો કે, "આદિવાસી વિસ્તારોમાં નેટવર્કની સમસ્યા હોવા છતાં ઓનલાઈન કામગીરીનું દબાણ કેમ? શંકરભાઈ જાદવના આપઘાત માટે જવાબદારી કોની છે તે નક્કી થવું જોઈએ. ઘટનાની નિષ્પક્ષ તપાસ કરી જવાબદારી નક્કી કરવામાં આવે અને પરિવારને યોગ્ય વળતર માટે ધક્કા ખાવા ન પડે તેવી વ્યવસ્થા કરવામાં આવે."

આ મુલાકાત દરમિયાન જયેન્દ્ર ગાંવિત, ઈશ્વરભાઈ તુમડા, મહાદુભાઈ સરનાઈક, ડો. કિરણ જાદવ, કાશુભાઈ પાલવા, સરપંચ દિનેશ ગાંવિત, મોહન ખાડમ, જીવલુભાઈ ગાંવિત, કાળુભાઈ ભોયા, કાર્તિક સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# બાળ વિજ્ઞાન પ્રદર્શનમાં ગીતા મંદિર માધ્યમિક શાળા પાટીની હેટ્રિક

### સતત ત્રીજા વર્ષે સંકુલ કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી જિલ્લાકક્ષાએ પસંદગી



**દ્રષ્ટિકોણ-ખેરગામ:** ખેરગામ તાલુકાની ગીતા મંદિર માધ્યમિક શાળા, પાટીના બાળ વૈજ્ઞાનિકોએ બાળ વિજ્ઞાન પ્રદર્શનમાં સતત ત્રીજા વર્ષે નોંધપાત્ર સિદ્ધિ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

એઈઈ્ ગાંધીનગરના પ્રેરિત સંયુક્ત ઉપક્રમે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, નવસારીના માર્ગદર્શન હેઠળ સરદાર વલ્લભભાઈ પટેલ શાળા વિકાસ સંકુલ-૩ દ્વારા બાળ વિજ્ઞાન પ્રદર્શન ૨૦૨૬-૨૭નું આયોજન શ્રી સદગુરુ હાઈસ્કૂલ, ભીનાર ખાતે કરવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનમાં ગીતા મંદિર માધ્યમિક શાળા પાટીના બાળ વૈજ્ઞાનિકોએ વિભાગ-૪ 'સ્વદેશી કૃષિ પદ્ધતિઓ' હેઠળ જીવંત કૃતિ રજૂ કરી હતી. શાળાની કૃતિએ સમગ્ર શાળા વિકાસ સંકુલ-૩માં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. પરિણામે સતત ત્રીજા વર્ષે શાળાની કૃતિની નવસારી જિલ્લાકક્ષાના બાળ વિજ્ઞાન પ્રદર્શનમાં પસંદગી થઈ છે.

આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય રાકેશકુમાર બી. પટેલ, શાળા પરિવાર તથા સંચાલક મંડળના પ્રમુખ વાલજીભાઈ સોલંકીએ કૃતિ માર્ગદર્શક વિજ્ઞાન શિક્ષિકા મહેશ્વરીકુમારી ડી. પટેલ તેમજ બાળ વૈજ્ઞાનિકો નવ્યા નરેન્દ્રભાઈ પટેલ, વીરાંગી એસ. પટેલ અને પાયલ હરેશભાઈ સાપટાને અભિનંદન પાઠવ્યા હતા. આગામી જિલ્લાકક્ષાના પ્રદર્શનમાં પણ શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ કરી શાળાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવાઈ હતી.

# શામગહાનની જનતા હાઈસ્કૂલમાં નશાબંધી સપ્તાહની પૂર્ણાહુતિ



**દ્રષ્ટિકોણ-ડાંગ :** ડાંગ જિલ્લાના શામગહાન ગામ સ્થિત જનતા હાઈસ્કૂલ ખાતે નશાબંધી સપ્તાહની ઉજવણી અંતર્ગત પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ તથા ગ્રામજનોમાં નશાના દુષ્પ્રભાવ અંગે જાગૃતિ લાવવાનો અને નશામુક્ત જીવન જીવવા માટે પ્રેરિત કરવાનો હતો.

આ કાર્યક્રમમાં નશાબંધી અધિકારી અધીક્ષકની કચેરી, આહવા-ડાંગના સુપરિન્ટેન્ડન્ટ એ.એસ. પટેલ સાહેબ, સંયોજક રાકેશ પવાર, જિલ્લા સમાજ સુરક્ષા કચેરી તથા જિલ્લા બાળ સુરક્ષા કચેરી, આહવા-ડાંગ તરફથી જયરામભાઈ ગાવિત, તેમજ પોલીસ અધીક્ષકની કચેરી આહવા-ડાંગના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) તરફથી વિનેશભાઈ એસ. ચૌધરી (ASI) અને રજનીભાઈ એસ. વળવી (P.C.) ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સાપુતારા બ્રહ્માકુમારી આશ્રમ તરફથી શ્રી મધુબેન તથા શ્રી ભારતીબેન ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. શાળાના આચાર્ય શ્રી કમલેશભાઈ બી. રાણા, શિક્ષકગણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

**વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને નશાના દુષ્પ્રભાવ અંગે જાગૃત કરી નશામુક્ત જીવન જીવવા માટે પ્રતિજ્ઞા લેવડાવાઈ**

કાર્યક્રમ દરમિયાન શાળાના બાળકોને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ઈનામો આપવામાં આવ્યા હતા.

નશાથી દૂર રહેવા અને સમાજને નશામુક્ત બનાવવા માટે વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

વિદ્યાર્થીઓએ પોતે નશાથી દૂર રહેવા તેમજ અન્ય લોકોને પણ નશાથી દૂર રહેવા માટે પ્રેરિત કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમ દરમિયાન "સ્વચ્છ જીવન, મજબૂત સંબંધો, ખુશ પરિવાર, ઉજ્જવળ ભવિષ્ય અને સફળ જીવન" જેવા સંદેશાઓ સાથે નશામુક્ત જીવન જીવવા માટે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. "નશો ટ્રેન્ડ નથી, જિંદગીનો એન્ડ છે", "ડ્રગ્સ અને દારૂથી મુક્ત બનો", "નશામુક્ત ભારત અભિયાન" અને "મજબૂત બનો, નશાથી દૂર રહો" જેવા સંદેશાઓ દ્વારા વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત લોકોને નશાના દુષ્પરિણામોથી વાકેફ કરવામાં આવ્યા હતા. નશામુક્ત સમાજના નિર્માણ માટે સૌએ સાથે મળીને કામગીરી કરવાની અપીલ સાથે કાર્યક્રમ શાંતિપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# ખેરગામની જનતા માધ્યમિક શાળામાં તાલુકા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો



**દ્રષ્ટિકોણ-ખેરગામ,** નવસારી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના આયોજન હેઠળ ખેરગામની જનતા માધ્યમિક શાળા ખાતે તાલુકા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો હતો. મામલતદાર વિજયકુમાર સી. પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી પ્રકાશભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ હંસાબેન દેસાઈ, કારોબારી અધ્યક્ષ જીજ્ઞાબેન, જનતા કેળવણી મંડળના પ્રમુખ અરવિંદભાઈ, સરપંચ ઝરણાબેન, રશ્મિબેન, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મનીષભાઈ પરમાર સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કલા મહાકુંભમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના ૨૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિબંધ, ચિત્રકલા, ભરતનાટ્યમ, ગરબા-લોકનૃત્ય અને એકપાત્રીય અભિનય સહિતની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જિલ્લા કક્ષાએથી આવેલા નિર્ણાયકો દ્વારા સ્પર્ધકોનું મૂલ્યાંકન કરી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ જાહેર કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન જનતા માધ્યમિક શાળા પરિવાર દ્વારા કુશળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# ખેરગામના ગ્રામ્ય સેવાસેતુ-બેમાં ૩૫૮ અરજીઓનો ૧૦૦ ટકા નિકાલ



**દ્રષ્ટિકોણ-ખેરગામ,** ખેરગામ મામલતદાર વિજયભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગ્રામ્ય સેવાસેતુ-બેનો બહેજથી પ્રારંભ થયા બાદ તા.૯ના વાડપાંજર ખાતે સમાપન થયું હતું. ખેરગામ કુમાર શાળામાં તા.૮ના યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓને લગતી કુલ ૩૫૮ અરજીઓ મળી હતી, જેનો સ્થળ પર જ ૧૦૦ ટકા નિકાલ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ડીવોર્મિંગની ૧૧૨, હેલ્થ એન્ડ વેલનેસ કાર્ડની ૮૦, સ્ત્નછરૂની ૬૦, કિસાન સન્માન નિધિ માટે ઈ-કેવાયસીની ૧૮, સૂર્ય ઘર મફત વીજળી યોજનાની ૧૫, પશુ સારવારની ૧૩, આધાર નોંધણીની ૧૨, ૭/૧૨ તથા ૮-અના પ્રમાણપત્રની ૧૦, મિલકત આકારણી ઉતારાની ૯, આવકના દાખલાની ૮, નમોશ્રી યોજનાની ૬, આધાર કાર્ડ સુધારાની ૫, મેડિસિન સારવારની ૪, ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજનાની ૩ અને રેશનકાર્ડમાં નામ કમી કરવાની ૩ અરજીઓ સહિત કુલ ૩૫૮ અરજીઓનો નિકાલ થયો હતો.

ગુજરાત વીજ કંપનીની ખેરગામ પેટા કચેરીના નાયબ ઈજનેર મિતેશ પટેલની ઉપસ્થિતિમાં સૂર્ય ઘર યોજનાની ૧૫ અરજીઓનો પણ સ્થળ પર નિકાલ કરાયો હતો. આમ, ખેરગામ તાલુકામાં ગ્રામ્ય સેવાસેતુ-બે અંતર્ગત ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઈ હતી.

સરકાર દ્વારા સેવાસેતુ જેવા કાર્યક્રમો મોટેભાગે પ્રાથમિક કે માધ્યમિક શાળાઓમાં ચાલુ શાળા સમયે યોજાતા હોવાથી વિદ્યાર્થીઓના અભ્યાસમાં વિક્ષેપ પડે છે. ઉપરાંત અરજદારોની અવરજવરથી શાળાના શૈક્ષણિક વાતાવરણ પર પણ અસર થતી હોવાની રજૂઆત છે. આથી આવા કાર્યક્રમો શનિવાર અથવા રવિવાર જેવા રજાના દિવસે યોજવામાં આવે, જેથી વિદ્યાર્થીઓના અભ્યાસને અસર ન થાય તેવી કેટલાક નાગરિકોએ માંગ કરી છે.

# સિંગાપોરમાં સિલ્વર મેડલ જીતનાર વાંસદાના હોમગાર્ડ જવાનને મુખ્યમંત્રી એવોર્ડ



**દ્રષ્ટિકોણ-ઉનાઈ,** વાંસદા તાલુકાના આંબાબારી ગામના વતની અને વાંસદા પોલીસ સ્ટેશનમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા ભોયા રણજીતભાઈ ઈક્કલભાઈએ સિંગાપોર ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રીય રમતોત્સવ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સિલ્વર મેડલ મેળવ્યો હતો. તેમની આ સિદ્ધિ બદલ મુખ્યમંત્રી એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

રણજીતભાઈની આ સિદ્ધિ બદલ નવસારી જિલ્લા હોમગાર્ડ કમાન્ડિંગ એસ.પી. બોરસે, વાંસદા યુનિટ ઓફિસર કમાન્ડિંગ અજય સી. ચૌધરી, ઓફિસ ક્લાર્ક હિરલ એચ. ભાવસાર તથા સમગ્ર સ્ટાફે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ વાંસદા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.કે. ગોસ્વામી અને પોલીસ સ્ટાફે પણ રણજીતભાઈને અભિનંદન પાઠવી તેમની ઉજ્જવળ સિદ્ધિને બિરદાવી હતી.

# ગણદેવી પીપલ્સ કો-ઓ. બેંકની બેવડી સિદ્ધિ સ્કોબા પ્રાઈડ એવોર્ડમાં બે પ્રતિષ્ઠિત સન્માન



**દ્રષ્ટિકોણ-ગણદેવી,** દક્ષિણ ગુજરાતની શહેરી સહકારી બેંકોના પ્રતિષ્ઠિત સંગઠન સ્કોબા દ્વારા ૧૮'મો સ્કોબા પ્રાઈડ એવોર્ડ-૨૦૨૬ મનાલી, હિમાચલ પ્રદેશમાં યોજાયો હતો. આ સમારોહમાં ધી ગણદેવી પીપલ્સ કો-ઓપરેટિવ બેંક લિ.એ બે પ્રતિષ્ઠિત સન્માન મેળવી બેંકના સભાસદો, ગ્રાહકો, સંચાલન મંડળ તથા સમગ્ર કર્મચારીગણનું ગૌરવ વધાર્યું છે.

બેંકને મોટી બેંક શ્રેણીમાં નાણાકીય સ્થિરતા ક્ષેત્રે પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું. નાણાકીય મજબૂતી, સુદઢ સંચાલન, નાણાકીય શિસ્ત તથા વિશ્વસનીય બેંકિંગ કામગીરીને ધ્યાનમાં રાખી હતી.આ ઉપરાંત જાહેર સંબંધો અને સામાજિક પ્રવૃત્તિ ક્ષેત્રે મોટી બેંક શ્રેણીમાં બેંકને દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું હતું. બેંક દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ, સભાસદો અને ગ્રાહકો સાથેનો સારો સંપર્ક તથા સમાજ પ્રત્યેની જવાબદારીને આ સન્માન દ્વારા માન્યતા મળી છે. બેંક તરફથી પ્રમુખ જસ્મીન દેસાઈ, ઉપપ્રમુખ શૈલેષભાઈ શાહ, સેક્રેટરી તથા સ્કોબાના સેક્રેટરી ગોપાળભાઈ ગોહિલ, સંચાલન મંડળના પ્રમુખ તુષાર વશી, ઉપપ્રમુખ મિતેશભાઈ જોશી, નિયામક મંડળના સભ્યો નિલેશ શર્મા, મિતેશ પંડ્યા, કેયુર વશી, નિશીત નાયક, પ્રજ્ઞેશ પટેલ, મનીષ દેસાઈ, જ્યોતિ દેસાઈ, ભાવના નાયક તેમજ બેંકના મેનેજર હેમાંશુભાઈ વૈદ્ય ઉપસ્થિત રહ્યા હતા.

# ખેરગામ પોલીસ સ્ટેશનનું નિરીક્ષણ થયું, પરંતુ પ્રજાનો સૌથી મોટો પ્રશ્ન રહી ગયો




**દ્રષ્ટિકોણ-ખેરગામ,** ખેરગામ પોલીસ સ્ટેશનની કામગીરીનું નિરીક્ષણ કરવા બુધવારે રેન્જ આઈજી પ્રેમવીરસિંહ યાદવ અને નવસારી જિલ્લા પોલીસ વડા રાહુલ પટેલે મુલાકાત લીધી હતી. પોલીસ સેવા અંગે કોઈ પ્રશ્ન કે ફરિયાદ હોય તો રજૂ કરવા આઈજીએ ઉપસ્થિતોને ખુલ્લું આમંત્રણ આપ્યું હતું. આગેવાનોએ પોલીસની કામગીરીને બિરદાવી હતી અને જિલ્લા પોલીસ વડા તથા મહિલા પીઆઈનું સન્માન પણ કરાયું હતું. જોકે, સમગ્ર મુલાકાત દરમિયાન ખેરગામની પ્રજાને રોજબરોજ સતાવતી સૌથી મોટી સમસ્યા ટ્રાફિકની અવ્યવસ્થા અંગે એક પણ રજૂઆત ન થતાં સવાલો ઊભા થયા છે.

ખેરગામ બજારનો સાંકડો માર્ગ ચીખલી-ધરમપુર વચ્ચેના ભારે વાહનવ્યવહારથી સતત ધમધમતો રહે છે. બાયપાસ માર્ગ હોવા છતાં વાહનોને ત્યાંથી વાળવાની અસરકારક વ્યવસ્થા કરવામાં પોલીસ અને હોમગાર્ડ તંત્ર નિષ્ફળ રહ્યું છે. પરિણામે બજારમાં ટ્રાફિકજામ અને અવ્યવસ્થા રોજિંદી બાબત બની છે. તો પછી સવાલ એ છે કે પોલીસ સ્ટેશનનું નિરીક્ષણ માત્ર કાગળ પરની કાર્યવાહી તપાસવા માટે હતું કે પ્રજાની વાસ્તવિક સમસ્યાઓ સાંભળવા માટે પણ? ચીખલી-ધરમપુરના વાહનોને બાયપાસ તરફ ફરજિયાત વાળવા, ભારે વાહનો માટે સમયમર્યાદા નક્કી કરવા અને પીક અવર્સમાં કડક ટ્રાફિક વ્યવસ્થા ગોઠવવામાં આવે તો જ સમસ્યાનો ઉકેલ શક્ય છે.

મુલાકાત અંગે સ્થાનિક પત્રકારો અને મોટાભાગના આગેવાનોને જાણ કરવામાં ન આવી હોવાની ચર્ચા વચ્ચે હવે પ્રજામાં એવો સવાલ ઉઠી રહ્યો છે કે જો પ્રજાના પ્રશ્નો જ અધિકારીઓ સુધી નહીં પહોંચે તો પોલીસના નિરીક્ષણનો સાચો હેતુ શું?

# ભારત સંસાધનની જરૂરિયાતો પૂરી કરે છે

**તંત્રી લેખ**

આ વર્ષે ચોમાસા દરમ્યાન દેશના કેટલાય હિસ્સામાં અતિવૃષ્ટિ થઈ રહી છે. દેશના પૂર્વતટવાળા રાજ્યો જ નહીં, પણ પશ્ચિમી તટના રાજ્યો જેમ કે ગુજરાત, મહારાષ્ટ્ર ઉપરાંત મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર વગેરેમાં પણ જળપ્રલય જેવી સ્થિતિ પેદા થઈ ગઈ છે. અસંખ્ય બંધોના ફાટક ચિક્કાર ભરેલા જળાશયોમાંથી પાણી કાઢવા માટે ખોલી નાખવામાં આવ્યા હતા જેનાથી તમામ બંધોના નીચલા હિસ્સામાં પૂર આવ્યાં, જેનાથી ઊભા પાકો અને સંપત્તિનું પણ નુક્સાન થયું. હવે એવી સ્થિતિ દર બીજા-ત્રીજા વર્ષે પેદા થવા લાગી છે, ક્યારેક આ રાજ્યમાં તો ક્યારેક એ રાજ્યમાં. પરિણામે શહેરી સંપત્તિ તથા આધારભૂત માળખાનું ભારે નુક્સાન થઈ રહ્યું છે. ભારતીય ખેડૂત અને ખેતમજૂર ગ્રામીણ અર્થવ્યવસ્થાનો હિસ્સો છે. જળવાયુ પરિવર્તનને કારણે તેમનો સામનો ક્યારેક દુકાળ, ક્યારેક પૂર અને ક્યારેક વાવાઝોડા સાથે થવા લાગ્યો છે. ગ્રામીણ ક્ષેત્રમાં પાકો જળમગ્ન થઈને નષ્ટ થઈ રહ્યા છે. જે ખેડૂત ગરીબી રેખા ઉપર આવી ગયા હતા, તે પાણીના પ્રકોપથી આ વખતે ફરી ગરીબી રેખા સુધી કે તેનાથી નીચે જવા લાગ્યા છે. પ્રાકૃતિક પ્રકોપનો સામનો કરવો હવે એક વાર્ષિક પરંપરા બની ગઈ છે. ખેડૂતો અને ખેતમજૂરોને સ્થાયી રૂપે ગરીબીના દાયરા બહાર કાઢવા માટે નવા ઉપાયો વિશે હવે વિચારવું પડશે. તેના માટે ડ્રેનેજ સિસ્ટમને ઉન્નત બનાવવા અને અતિવૃષ્ટિનાં દુષ્પરિણામોથી બચવા માટે પાણી નિકાલના બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની જરૂરિયાત વધી ગઈ છે.

ભારત વિશ્વના ૨.૪ ટકા ભૌગોલિક ભૂભાગ અને ચાર ટકા જળ સંસાધનની મદદથી પોતાની ખાદ્યાન્ન સંબંધી જરૂરિયાતો પૂરી કરે છે, પરંતુ અતિવૃષ્ટિથી આવેલા પૂરથી કઠોળ અને તેલીબિયાં પાકોને સૌથી વધુ નુક્સાન થાય છે. દેશ પહેલેથી જ દાળ અને ખાદ્ય તેલની અછતથી ઝઝૂમી રહ્યો છે. અસલમાં પાણીની અધિકતા કઠોળ અને તેલીબિયાં પાકોની દુશ્મન છે. ૨૦૧૬ને આંતરરાષ્ટ્રીય કઠોળ વર્ષ રૂપે ઉજવવામાં આવ્યું હતું. એ જ દરમ્યાન ભારત વિશ્વ બજારમાંથી દાળ આયાત કરવા માટે મજબૂર થયું. ઘરેલુ માંગની પૂર્તિ માટે ભારતે કેનેડા, બર્મા, ટાન્ઝાનિયા, મોઝાંબિક વગેરે દેશોનો દરવાજો ખટખટાવ્યો, પરંતુ તેમની પાસે પણ કઠોળની અછત હતી. તેથી ઊંચા ભાવ પર બીજા દેશોથી ભારત દાળ આયાત માટે મજબૂર થયું. ત્યારથી જ દેશમાં કઠોળના ભાવ બહુ વધેલા છે. એવી સ્થિતિ આ વર્ષે પણ પેદા થાય તેવી આશંકા છે.

આજે ભારતની આબાદી ચીનથી વધુ થઈ ગઈ છે. આપણા દેશના નાગરિક પ્રોટીનની પોતાની જરૂરિયાત મુખ્ય રૂપે દાળથી જ પૂરી કરે છે.એવામાં આપણે ફરીથી વિશ્વ બજાર તરફ જોવું પડશે. આ વર્ષે આવેલા સત્તાવાર આંકડા અનુસાર દેશમાં કઠોળ અને તેલીબિયાંનું ઉત્પાદન ઓછું રહેવાનું છે. તેથી આગળ પણ દેશમાં કઠોળ અને તેલીબિયાંની અછત રહેવાની છે. વાસ્તવમાં દુનિયામાં ક્યાંય પણ એટલી દાળ પેદા નથી થતી કે ત્યાંથી આયાત કરીને ભારત પોતાની માંગ પૂરી કરી શકે. દાળની આયાત પર ભારે ખર્ચ અને ઘરેલુ બજારમાં તેની અછત દેશની અર્થવ્યવસ્થાની સાથે સાથે લોકોને પોષણને નિશ્ચિત રૂપે પ્રભાવિત કરશે. એવી સ્થિતિથી બચવા માટે દેશમાં બહેતર પાણી નિકાલનો પ્રબંધ થઈ જાય તો વરસાદથી થઈ રહેલ ઠેરઠેર પાણી ભરાવાની અને પૂર પર કારગત નિયંત્રણ કરી શકાય છે.

હવે જળવાયુ પરિવર્તન જગજાહેર છે. તેને કારણે તોફાન-ચક્રવાત, અતિવૃષ્ટિ કે વાદળ ફાટવું, ભૂસ્ખલન જેવી પ્રાકૃતિક આપદાઓ હવે વારંવાર થશે. તેનાથી દેશવ્યાપી કઠોળ અને તેલીબિયાં પાકોની હાનિ ઉપરાંત હાલના ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા રેલવે, સડક, વીજળી, પુલ અને દૂરસંચાર નેટવર્ક વગેરેને ભારે નુક્સાન થતું રહેશે. એનાથી બચવા માટે આપણે જલ્દી થોડા દીર્ઘકાલીન સમાધાન કરવા જોઈએ. એના પર રાષ્ટ્રવ્યાપી વિચાર-વિમર્શ કરવો સમયની માંગ છે. તેના માટે સૌથી પહેલાં પૂર, ચક્રવાત અને અન્ય પ્રાકૃતિક આપદાઓના પ્રભાવનું એક વૈજ્ઞાનિક અધ્યયન સંબંધિત વિભાગો અને મંત્રાલયોના સહયોગથી કરવું જોઈએ. તેના વિશ્લેષણ ઉપરાંત કોઈ નિષ્કર્ષ પર પહોંચીને એક રાષ્ટ્રવ્યાપી નીતિ બનાવવી જોઈએ.

એ સારી વાત છે કે જળ સંરક્ષણ માટે આ દિવસોમાં દેશમાં આઠમા જળ સપ્તાહનું આયોજન થયું. તેમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ યોગ્ય જ કહ્યું કે જળસ્રોત સીમિત છે અને તેના સક્ષમ ઉપયોગથી જ બધા માટે પાણીનો પૂરવઠો સંભવ છે. તેમણે પાણીની દરેક બૂંદને કિંમતી ગણાવતાં દેશના પ્રત્યેક નાગરિકને જળયોદ્ધા રૂપે કામ કરવાનું આહ્વાન કર્યું.

અનેક વૈજ્ઞાનિક અધ્યયન સમાજને એ જણાવે છે કે જળવાયુ પરિવર્તનને કારણે ભવિષ્યમાં પ્રાકૃતિક આપદાઓ શહેરી અને ગ્રામીણ ક્ષેત્રોમાં વધુ પ્રકોપ વરસાવશે. પરિણામે મોટી સંખ્યામાં જળવાયુ પરિવર્તન શરણાર્થી સામે આવશે. આગળ જળ પ્રલયનું માળખું કેવું હશે, તે માત્ર પ્રકૃતિને જ ખબર હશે. તેનો સામનો કરવા માટે ભારતે એક આપદા પ્રબંધન અને નિવારણ તંત્ર બનાવી રાખવું પડશે. તેના માટે ગામડાં અને શહેરોમાં પાણી નિકાલ માટે વ્યાપક જળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવું જોઈએ. ઈન્ફ્રાસ્ટ્રક્ચરને એ રીતે બનાવવું જોઈએ કે તે ભારે વરસાદને પણ સહન કરી શકે. સાથે જ તમામ નદીઓને પરસ્પર વહેલી તકે જોડવી જોઈએ જેથી એક સ્થાનના પૂરનું પાણી બીજા સ્થાનનું સંરિક્ષત જળ સંસાધન બને, નહિ કે એમ જ વ્યર્થ વહી જાય.

# કંટ્રોલર સિસ્ટમને જ જો કોઈ હેક કરી લે તો...

ઘણી વાર કહેવાય છે કે ટેકનિક ખરેખર તો આપણા જીવની દુશ્મન બની ગઈ છે, પરંતુ શું તે વાસ્તવમાં જીવલેણ બની શકે છે? હાલમાં જ લેબેનોન અને સીરિયામાં હિઝબુલ્લાના હજારો સદસ્યો દ્વારા વપરાતા સંચાર ઉપકરણ પેજર, વોકીટોકી અને હેન્ડહેલ્ડ રેડિયો સેટ વિસ્ફોટ સાથે અચાનક ફાટ્યા તો દુનિયા તેના જીવલેણ પક્ષને જોઈને દંગ થઈ ગઈ. દાવો કરવામાં આવ્યો કે પેજર અને સોલર પેનલોમાં પણ એવા જ વિસ્ફોટ થયા. દાવો છે કે આ હમલા પાછળ ઈઝરાયલનો હાથ છે. ઈઝરાયેલ જોકે તેના વિશે કોઈ ટિપ્પણી નથી કરી, પરંતુ આજે લેબેનોન સહિત આખી દુનિયા આશંકિત છે કે શું ક્યારેક તેમના મોબાઈલ ફોન, કમ્પ્યૂટર, લેપટોપ જેવા ઉપકરણોનો યુદ્ધક રૂપે ઉપયોગ થઈ શકે છે? શું દુનિયા એ દોરમાં પહોંચી ગઈ છે કે જ્યાં કોઈ દેશ પોતાના શત્રુના સૈનિકો-નાગરિકોને કોઈ વાસ્તવિક જંગ છેડ્યા વિના ઘેરબેઠાં માત્ર એક બટન દબાવીને નુક્સાન પહોંચાડી શકે છે?

કહેવાય છે કે યુદ્ધમાં બધું જ જાયજ છે. લેબેનોને જ્યારે આ સવાલ આંતરરાષ્ટ્રીય સંગઠનોને પૂછ્યો તો પ્રતિક્રિયામાં પેજર અને વોકીટોકીને હુમલાનો રસ્તો બનાવવાને અનૈતિક અને યુદ્ધ અપરાધ કહેવામાં આવ્યો. અસલમાં છેલ્લા એક વર્ષથી ઈઝરાયલ ગાઝાપટ્ટીમાં આતંકી સંગઠન હમાસના સહયોગી હિઝબુલ્લા સાથે યુદ્ધની સ્થિતિમાં છે. આ યુદ્ધમાં જેનો જ્યાં દાવ લાગી રહ્યો છે, તે એ રીતે પોતાના શત્રુ પર હુમલા કરી રહ્યું છે. આ યુદ્ધમાં પોતાના તરફથી આ દેશો કેટલીય એવી સાવધાની પણ રાખી રહ્યા છે, જેથી તે પોતાના દુશ્મનની નજરમાં ન આવે. જેમ કે હિઝબુલ્લાના શીર્ષ નેતૃત્વએ પોતાના આતંકીઓને સંચાર માટે મોબાઈલ કે ઈન્ટરનેટને બદલે પેજર નામનું ઉપકરણ વાપરવાના આદેશ આપ્યા જેમાં કોઈ સિમ કાર્ડ જેવી ચીજ નથી હોતી. પેજર મોબાઈલ ફોન પહેલાંના જમાનાની ટેકનિક છે. તેના દ્વારા લગભગ કોઈ સંદેશ અંકો અને અક્ષરોના આદાન-પ્રદાન સુધી સીમિત રહે છે. પેજરની ખાસિયત એ છે કે તેના વપરાશકર્તાની હાલની સ્થિતિ એટલે કે લોકેશનની ખબર નથી પડતી. એ જ રીતે વોકીટોકીથી પણ સંદેશ પ્રાપ્ત કરી અને મોકલી શકાય છે. પરંતુ એક સમયે એક જ વ્યક્તિ વાત કરી શકે છે. તે બેટરીથી ચાલે છે અને તેને સેલ્યુલર નેટવર્કની જરૂર નથી હોતી. હિઝબુલ્લાને એક ખતરો રહ્યો છે કે ઈઝરાયલની સેના અને તેની ગુપ્તચર એજન્સી મોસાદ તેના આતંકીઓનું લોકેશન ખોળતી રહે છે. તેથી તેણે પોતાના આતંકીઓને ઓછી ટેકનિક ક્ષમતાવાળા પેજર અને વોકીટોકી વાપરવા આપ્યા. પરંતુ હાલના હુમલાએ સાબિત કરી દીધું કે માત્ર પેજર અને વોકીટોકી જ નહીં, દરેક પ્રકારના ઉપકરણો હથિયારમાં તબદીલ થઈ શકે છે, માત્ર તેના નિર્માણની પ્રક્રિયા અને સપ્લાય ચેનમાં ગાબડું પાડવામાં આવે. મોસાદે એવું જ કરીને પેજર-વોકીટોકીમાં વિસ્ફોટક લગાવી દીધા હશે. આ વિસ્ફોટક એ પ્રકારે લગાવાયા હતા કે તેમને કોઈ સંદેશ મોકલીને સક્રિય કરી શકાય.

એમ તો રેડિયો ફ્રિક્વન્સી પર ચાલતા પેજર અને વોકીટોકી બહુ જૂની ટેકનિક છે, પણ હજુ ય તે ઘણા દેશોમાં વપરાય છે. ખાસ કરીને ત્યાં, જ્યાં મોબાઈલ નેટવર્ક ઉપલબ્ધ નથી થઈ શકતું. તેની બેટરી લાઈફ સારી હોય છે તેથી આપાત સ્થિતિમાં મોબાઈલના મુકાબલે વધુ વિશ્વસનીય સંચાર ઉપકરણ સાબિત થાય છે. પેજરની સંરચનામાં એન્ટેના સ્પીકર, માઈક્રોફોન, બેટરી, ટ્રાન્સમીટર અને રિસીવર હોય છે. સ્પીકર અને માઈક્રોપોનને બાદ કરતાં બાકી ત્રણેય વિસ્ફોટકના કન્ટેનરનું કામ કરી શકે છે. એટલું જ નહીં આ ઉપકરણોમાં બેટરીની આસપાસ એટલી ખાલી જગ્યા હોય છે, જ્યાં નાનો-મોટો વિસ્ફોટક લગાવી શકાય છે. અહીં એક મોટો સવાલ પેદા થયો છે. તે એ કે આ રીતે તો મોબાઈલ ફોન, સ્માર્ટ ટીવી, માઈક્રોવેવ, રેફ્રિજરેટર સહિત દરેક ઉપકરણને હેક કરી શકાય છે અને તેને યુદ્ધક હથિયારમાં ફેરવી શકાય છે.

એમાં શંકા નહીં કે જો કોઈપણ ઉપકરણ નિર્માણ અને પૂરવઠા પ્રક્રિયામાં કોઈ દેશ યુદ્ધના ઈરાદે ચેડાં કરે તો એ ઉપકરણોને યોગ્ય સમયે નિર્દેશ આપીને વિસ્ફોટ કરવા અથવા કોઈ અન્ય ગરબડ કરવા માટે સેટ કરી શકાય છે. તેમાંથી મોબાઈલ અથવા કહો કે સ્માર્ટફોન તો પોતાની અત્યાધુનિક કાર્યપ્રણાલીઓ અને વાયરલેસ કનેક્ટિવિટીને કારણે પેજર અને વોકીટોકીની તુલનામાં ક્યાંય વધારે અસુરિક્ષત છે. ઈન્ટરનેટ, જીપીએસ ટ્રેકિંગ અને રિમોટ કંટ્રોલ વગેરે જે સગવડોએ મોબાઈલ ફોનને અત્યધિક સુવિધાજનક ઉપકરણમાં તબદીલ કર્યો છે, તે તમામ તેને જંગનું સૌથી ખતરનાક હથિયાર બનાવવામાં કારગત બની શકે છે. સેના કે મોટી એજન્સીઓ તેને હેક કરીને એના પર કોલ અને મેસેજ મોકલીને વિસ્ફોટ સુદ્ધાં કરી શકે છે. મોબાઈલ ફોન તો એમ પણ પોતાની લિથિયમ આયન બેટરીઓ સાથે સંકળાયેલી સમસ્યાઓ માટે પહેલેથી જ કુખ્યાત છે. વધુ ગરમ થતાં તેમાં આપોઆપ વિસ્ફોટ થઈ જવાના કેટલાય કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. શોર્ટ સર્કિટ થતાં લિથિયમ આયન બેટરી ફાટવાની સમસ્યા બહુ સામાન્ય છે. એમ તો સ્માર્ટફોનમાં બેટરી મેનેજમેન્ટ સિસ્ટમને પેજર અને વોકીટોકીના મુકાબલે વધુ સચોટ માનવામાં આવે છે.

પરંતુ બેટરી કંટ્રોલર સિસ્ટમને જ જો કોઈ હેક કરી લે તો જ્યારે ચાહે તેમાં વિસ્ફોટ કરાવી શકે છે. આ કામ કઠિન હોઈ શકે, પરંતુ અસંભવ નથી. એટલું જ નહીં, મોબાઈલ ફોનની જેમ ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈઓટી) ટેકનિક સાથે જોડાયેલ અન્ય તમામ ઉપકરણો હેક કરી શકાય છે અને તેનાથી અવ્યવસ્થા ફેલાઈ શકે છે.

એકંદરે સ્થિતિ એવી છે કે આધુનિક પ્રકારના યુદ્ધમાં ટેકનિક એક મોટા હથિયારની ભૂમિકા નિભાવવાની સ્થિતિમાં આવી ગઈ છે.

# જમ્મુ-કાશ્મીર ચૂંટણીમાં ચૂંટણી ઉત્સાહ

ગયા ડિસેમ્બરમાં સુપ્રીમ કોર્ટે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને ખતમ કરીને વિશેષ દરજ્જાને સમાપ્ત કરવાના નિર્ણયને પડકાર આપતી અરજીઓને રદ્દ કરવાની સાથે નિર્દેશ પણ આપ્યો હતો કે એક નક્કી સમયમાં વિધાનસભા ચૂંટણીઓ કરાવી લેવામાં આવે. સુપ્રીમના આ નિર્દેશ બાદ જમ્મુ-કાશ્મીરમાં શાંતિપૂર્ણ રીતે થઈ રહેલી ચૂંટણીઓથી દેશનો એક વર્ગ આશ્વસ્ત દેખાઈ રહી છે કે વિધાનસભા ચૂંટણીઓ બાદ બધું જ ઠીક થઈ જશે. લોકોને એ પણ આશા છે કે નવી વિધાનસભા ચૂંટાયા બાદ આઝાદીના પહેલા દિવસથી જ મુસીબતોમાં ઘેરાયેલા જમ્મુ-કાશ્મીરમાં શાંતિ બહાલ થઈ જશે. કાશ્મીર વિવાદને કારણે અહીંની જનતાએ જેવી મુશ્કેલીઓ જોઈ છે અને ભારત વિરોધી શક્તિઓના નેરેટિવ નિર્માણની તાકાતની આગળ વારેવારે ઘૂંટણિયે પડી જનારી કેન્દ્રીય સરકારોએ વૈશ્વિક મંચો પર જે સ્તરનો વિરોધ સહન કર્યો છે, ત્યારબાદ આ પ્રકારની આશા જાગવી સ્વાભાવિક પણ છે. આ વિધાનસભા ચૂંટણીઓ પહેલાં જમ્મુ-કાશ્મીરની જનતાએ જેવા ઉત્સાહ સાથે સ્થાનિક નિગમોની ચૂંટણીઓમાં ભાગ લીધો હતો અને જેમ શાંતિભર્યા માહોલમાં તે ચૂંટણીઓ સંપન્ન થઈ, તેનાથી પણ કાશ્મીરમાં બધું ઠીક થવાની આશા જાગી હતી, પરંતુ ચૂંટણી પંચ દ્વારા વિધાનસભા ચૂંટણીઓની ઘોષણાના દિવસથી જ કાશ્મીર ઘાટીમાં જે રીતે ઉમેદવાર અને જેવા ચૂંટણી વાયદા સમગ્ર માહોલ પર હાવી છે, તેને જોતાં એ આશંકા બળવત્તર બની છે કે વિધાનસભામાં ભલે કોઈપણ પાર્ટી કે જૂથ બહુમતી મેળવે, પરંતુ ઘાટીની રાજનીતિ ફરીથી અલગતાવાદ અને કેન્દ્ર સાથે ટકરાવની આગમાં તપી શકે છે.

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીઓમાં કેટલાય ઉમેદવાર એવા છે, જે કાં તો અલગતાવાદી રહ્યા છે કાં એવા સંગઠનોના સક્રિય સદસ્ય રહ્યા છે. તેમાં અનેક અપક્ષ લડી રહ્યા છે. આ અપક્ષ ઉમેદવારોના એક મોટા વર્ગનું સંચાલન એન્જિનિયર રશીદના નામે ચર્ચિત શેખ અબ્દુલ રશીદ કરી રહ્યો છે, જે દેશવિરોધી ગતિવિધિઓના આરોપમાં તિહાડ જેલમાં કેદ હતો. સુપ્રીમ કોર્ટની મહેરબાનીથી તે ચૂંટણી પ્રચાર માટે જામીન પર છૂટી ગયો. અલગતાવાદી માનસિકતાના રશીદે જેલમાં કેદ રહ્યા છતાં લોકસભા ચૂંટણીમાં પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ ઉમર અબ્દુલ્લાને તેમની જ પરંપરાગત સીટ બારામુલામાં મોટા અંતરથી હરાવ્યા હતા. રશીદ પર આરોપ છે કે તેણે આ ચૂંટણીઓમાં પ્રતિબંધિત જમાતે ઈસ્લામી સાથે અંદરખાને ગઠબંધન કર્યું છે. પોતાના પ્રચાર અભિયાનમાં અનેક ઉમેદવારોએ ખૂલીને કહ્યું છે કે ચૂંટણી જીતતાં તેઓ ફરીથી કલમ ૩૭૦ લાગુ કરાવશે અને જમ્મુ-કાશ્મીરના વિશેષ દરજ્જાને પણ બહાલ કરાવશે. આવા ઉમેદવારોની સભાઓમાં ભેગી થતી ભીડની એક અસર એ થઈ કે સામાન્ય રીતે આતંકીઓ અને અલગતાવાદીઓના મુકાબલે મધ્યમમાર્ગી અને નરમપંથી મનાતી નેશનલ કોન્ફરન્સ અને પીડીપીએ પણ આક્રમક વલણ અપનાવી લીધું. ફારુક અબ્દુલ્લા અને મેહબૂબા મુફ્તીનાં ચૂંટણી ભાષણોમાં ૩૭૦ને ફરીથી લાગુ કરવા અને રાજ્યને વધુ સ્વાયત્તતા અને વિશેષ દરજ્જો અપાવવાનો વાયદો કરી રહ્યા છે. નેશનલ કોન્ફરન્સે તો પોતાના ચૂંટણી વાયદામાં એ પણ સામેલ કરી લીધું કે જો કોંગ્રેસ સાથે તેના ગઠબંધનને બહુમતી મળી તો વિધાનસભામાં ફરીથી ૨૦૦૦વાળા એ પ્રસ્તાવને પસાર કરવામાં આવશે, જેમાં રાજ્યનો ૧૯૫૧ના સ્તરવાળો દરજ્જો બહાલ કરવાની વાત કહેવામાં આવી હતી. તેમાં જમ્મુ-કાશ્મીર માટે ભારતથી અલગ પોતાના ઝંડા અને બંધારણની વ્યવસ્થા હતી.નેશનલ કોન્ફરન્સ સાથે ગઠબંધનને કારણે કોંગ્રેસી નેતાઓ પણ અસમંજસમાં છે. કોંગ્રેસ જમ્મુ ક્ષેત્રમાં તેના જેવું વલણ અપનાવવાનો ખતરો ન ઉઠાવી શકે. જમ્મુ અને કાશ્મીર ઘાટીના રાજકીય સમીકરણ એકબીજાથી ઠીક વિપરિત છે. ઓગસ્ટ ૨૦૧૯માં કલમ ૩૭૦ને રદ્દ કરાયા બાદ જમ્મુમાં જે મોટા પાયે ઉત્સવનો માહોલ બન્યો હતો તે કોંગ્રેસી નેતાઓને યાદ જ હશે. ત્યારબાદ કેન્દ્રની નીતિઓએ જમ્મુ અને કાશ્મીર, બંને જગ્યાએ જે રીતે વિકાસના નવા દ્વાર ખોલ્યા, તેને જોતાં કોંગ્રેસ કોઈપણ હાલતમાં ૩૭૦ની વાપસી કરવાની વાત કરવાનું જોખમ ન ઉઠાવી શકે.કાશ્મીર ઘાટીમાં માહોલને વધુ ખરાબ કરનારાં બીજાં પણ બે તત્ત્વો છે, જેની અવગણના મોંઘી પડી શકે છે. એક તો એ કે લગભગ દરેક મામલે ખુદને સક્રિય દેખાડનારી સુપ્રીમ કોર્ટે જલ્દી ચૂંટણી કરાવવાના આદેશ તો જારી કરી દીધા, પરંતુ કાશ્મીર ઘાટીમાંથી આતંક અને હિંસાના દર પર ભગાડી મૂકવામાં આવેલા કાશ્મીરી હિંદુઓ અને શીખોની સુરિક્ષત ઘરવાપસી અને સ્થાનિક રાજકારણમાં તેમની બરાબર ભાગીદારી સુનિશ્ચિત કરવાનો કોઈ આદેશ ન આપ્યો. લોકતંત્ર અને માનવીય મૂલ્યોની રક્ષક સુપ્રીમ કોર્ટ પાસે એવી ।શા રાખવામાં આવતી હતી કે તે આ પાપની નોંધ લેતી કે ભારતના એકમાત્ર મુસ્લિમ બહુલ રાજ્યની કાશ્મીર ઘાટીમાં સદીઓથી રહેનારા લાખો લોકોને માત્ર એટલા માટે હાંકી કાઢવામાં આવ્યા કે તેઓ મુસલમાન ન હતા.

# દેશના સૌથી ધનિક તિરૂપતિ ભગવાન

દવામાં, દારૂમાં, મસાલામાં, ઘીમાં, તેલમાં પણ ભેળસેળ ક્યાં નથી? નથી પકડાતું ત્યાં સુધી બધું શુદ્ધ છે, પકડાય કે અશુદ્ધ ! તિરૂપતિના લાડુમાં ભેળસેળની વાતથી આખો દેશ ખળભળી ઊઠયો છે ને હિન્દુઓની આસ્થા પર કુઠારાઘાત થયો હોવાની બૂમરાણ થઈ છે. ભેળસેળ માત્ર તિરૂપતિ બાલાજીના લાડુમાં જ થઈ છે એવું નથી. પ્રસાદમાં ભેળસેળની બૂમ તો પ્રસિદ્ધ અંબાજી મંદિરમાંથીય ઊઠી હતી. એમાં પણ પ્રસાદમાં અપાતાં મોહનથાળના ઘીમાં ભેળસેળનો અવાજ ઊઠયો હતો. અશુદ્ધ ઘીના ૧૮૦ ડબ્બા પકડાયા હતા, પણ ઘીમાં શું હતું એનો રિપોર્ટ જાહેર થયો નથી. થોડા વખત પછી ઘીનાં ઠામમાં ઘી પડી રહ્યું છે. અત્યારે પણ પ્રસાદના મોહનથાળમાં ઘી જ વપરાય છે ને ભક્તો તે પ્રેમથી આરોગે પણ છે.

સરકાર જાગી છે ને ગુજરાતમાં અંબાજી સહિત પ્રસિદ્ધ મંદિરોના પ્રસાદની ચકાસણી થશે. ફૂડ અને ડ્રગ્સ વિભાગ રાજ્યનાં ૩૨ જેટલાં યાત્રાધામોના પ્રસાદની લેબોરેટરીમાં ચકાસણી કરશે. આ પ્રસાદની ચકાસણીમાં બાંધછોડ કોઈ પણ સ્તરે ન થાય તે અપેક્ષિત છે. તિરૂપતિનો પડઘો સુપ્રીમ સુધી પડયો છે, એટલે આનો નિવેડો આવે એમ બને, પણ ત્યાં સુધીમાં વિવાદ કેટલો ગૂંચવાશે એની કલ્પના જ કરવાની રહે છે.

દેશના સૌથી ધનિક તિરૂપતિ ભગવાનને નામે કરોડો આસ્થાળુઓની શ્રદ્ધા સાથે રમત થઈ છે ને એ બધું અગાઉની જગન મોહનની સરકાર દ્વારા થયું છે એવો આરોપ પણ હાલની નાયડુ સરકાર લગાવી રહી છે. દર વર્ષે હજાર કરોડથી વધુનું તો ભક્તો તરફથી દાન આવે છે. આટલા અમીર ભગવાનનાં મંદિરમાં પ્રસાદનો લાડુ, પૈસા આપ્યા પછી પણ, ગાયની ચરબીવાળો મળતો હોય તો હિન્દુઓને આઘાત લાગે એ સ્વાભાવિક છે. મંદિર તો ભેળસેળની વાતને નકારે જ છે, છતાં મંદિરનાં શુદ્ધિકરણનો ત્રિદિવસીય ઉપક્રમ પણ યોજવામાં આવ્યો.

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે ભાજપ અને નાયડુ હિન્દુઓની આસ્થા સાથે રમત રમી રહ્યા છે. એ સાથે જ એવું ચિત્ર પણ ઉપસાવાઈ રહ્યું છે કે પૂર્વ મુખ્યમંત્રી જગન મોહન સરકારના સમયમાં આવી ભેળસેળ દ્વારા આસ્થાની અવગણના કરી રહ્યા હતા. આ પહેલાં પણ તિરૂપતિ ટ્રસ્ટના ચેરમેન વાય.વી.સુબ્બા રેડ્ડી માટે વિવાદ થયેલ, પણ તે પોકળ પુરવાર થયેલો. ચંદ્રાબાબુને રસ એટલે વધારે છે કે તેઓ પોતાની મુસ્લિમ તુષ્ટિકરણની છાપ બદલીને હિન્દુ તરફી હોવાની છાપ ઊભી કરી શકે. નાયડુ સામે બીજી શંકા એ છે કે તેમણે ચરબી ને તેલ હોવાનો રિપોર્ટ તો જાહેર કર્યો, પણ એ ઘી સપ્લાય કરતી કંપનીનું નામ જાહેર નથી કર્યું. મંદિરને લાડુમાંથી જ ૬૦૦ કરોડની આવક થાય છે. એ ઉપરાંત દર્શન ટિકિટમાંથી ૩૪૦ કરોડ મળે છે. આ સ્થિતિ હોય તો મંદિરે પણ જરૂરી સ્પષ્ટતાઓ પ્રસાદ અંગે કરવાની રહે.આ વિવાદમાં આંધ્ર પ્રદેશની આગલી અને હાલની સરકારો એક બીજાનું થાય એટલું ચીરહરણ કરવામાં પૂરી તાકાત લગાવી રહી છે. આની તપાસ ચાલશે, થોડાકની ધરપકડ થશે ને હકીકત બહાર આવ્યા વગર જ વાત ભુલાવી દેવામાં ન આવે તે મહત્વનું છે. ચંદ્રાબાબુ નાયડુ કેન્દ્રમાં ભાજપની સરકારના ટેકેદાર છે ને મુદ્દો ખુબ મોટો તિરૂપતિના લાડુનો છે. આંધ્રમાં અગાઉ જગન મોહનની સરકારે નાયડુને સળિયા ગણાવેલા, હવે નાયડુનો વારો છે, સળિયા ગણાવવાનો. જગનના વખતમાં નંદિની બ્રાન્ડનું ઘી આવતું હતું. તે ભાવ ન પોષાતા ડેરીએ વધુ ભાવ માંગ્યો. એ ભાવને મંજૂરી ન મળતાં નંદિની બહાર થઈ ગઈ. તે પછી જગન સરકારે ૩૨૦ના ભાવે ઘી ખરીદ્યું. સાધારણ ભાવ ૮૦૦ની આસપાસ ચાલતો હોય ત્યાં કોઈ ૩૨૦ને ભાવે ઘી આપે તો તેની શુદ્ધિ વિષે શંકા રહેવાની. જગન સરકાર પણ વાંકમાં તો હતી જ. કર્ણાટક કો-ઓપરેટિવ મિલ્ક ફેડરેશન ૫૦ વર્ષથી ટ્રસ્ટને રાહત દરે ઘી સપ્લાય કરતું જ હતું. દર છ મહિને ૧૪૦૦ ટન ઘી વપરાતું હતું. જુલાઈ ૨૦૨૩માં કંપનીએ ઓછા ભાવે ઘી આપવાની ના પાડી, તો જગન સરકારે ૫ બીજી કંપનીઓને સપ્લાયનું કામ સોંપ્યું. એમાંની તામિલનાડુની એક કંપની ફૂડ્સની પ્રોડક્ટમાં જુલાઈ, ૨૦૨૪માં ગરબડ હતી. ચંદ્રાબાબુને અહીં બાંય ચડાવવાની તક મળી ગઈ. એમણે ધડાકો કર્યો કે તિરૂપતિના લાડુમાં ભેળસેળ છે. તેમાં માછલીનું તેલ, ગોમાંસ અને પ્રાણીની ચરબીનું તેલ વપરાય છે.

# તિરુપતિ પ્રસાદ પર પેદા થયેલ હાલનો વિવાદ આસ્થા પર આઘાત

ગત દિવસોમાં આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ એમ કહીને સનસનાટી મચાવી દીધી કે પૂર્વવર્તી જગનમોહન રેડ્ડીના શાસનમાં તિરુપતિ મંદિરના લાડુના પ્રસાદમાં ચરબીયુક્ત ઘીનો ઉપયોગ થયો હતો. ઉલ્લેખનીય છે કે તિરુપતિ મંદિરનું વ્યવસ્થાપન તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ એટલે કે ટીટીડી નામનું સરકારી ટ્રસ્ટ કરે છે. ટીટીડીના કાર્યકારી અધિકારી જે.શ્યામલા રાવે જણાવ્યું કે નવી સરકાર બન્યા બાદ ટીટીડીના નવા કાર્યકારી અધ્યક્ષ રૂપે તેમણે પ્રસાદમાં વપરાતા ઘીની ગુણવત્તા તપાસવાના આદેશ આપ્યા હતા. ઘી પૂરું પાડતી પાંચ કંપનીઓમાંથી એક એઆર ડેરીના નમૂનાઓમાં ભારે ગરબડ જોવા મળી. ઘીની શુદ્ધતા એસ વેલ્યૂમાં માપવામાં આવે છે અને તેનો નિર્ધારિત માપદંડ ૯૫.૬૮ થી લઈને ૧૦૪.૩૨ની વચ્ચે રહેવો જોઈએ, પરંતુ એઆર ડેરીના સેમ્પલની એસ વેલ્યૂ માત્ર ૧૯.૭૨ જોવા મળી. સેમ્પલના આટલા નિમ્ન સ્તરને જોતાં તેના ઘીમાં ચરબી એટલે કે બીફ ટેલો, સૂવરની ચરબી અને માછલીના તેલના મિશ્રણની આશંકા વ્યક્ત કરવામાં આવી. અહીં એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે એઆર ડેરીને જ દ્રમુક શાસનકાળમાં તમિલનાડુના પલની મંદિરમાં પણ ઘી પૂરું પાડવાનો કોન્ટ્રાક્ટ મળેલો છે.

જોકે જગન રેડ્ડી અને એઆર ડેરીએ આરોપોને નિરાધાર ગણાવ્યા છે, પરંતુ કેટલાક નમૂનાના લેબ રિપોર્ટ કંઈક બીજી જ કહાની કહે છે. એ સવાલ ઊઠવો સ્વાભાવિક છે તિરુપતિ જેવા સંપન્ન મંદિરમાં જે પ્રસાદને શ્રદ્ધાળુ પૈસા આપીને ખરીદે છે, ત્યાં સરકારી કંપની કેએમએફના ભરોસેમંદ ઉત્પાદન નંદિનીને છોડીને અજાણી કંપનીઓ પાસેથી ઘી કેમ લેવામાં આવે છે? હિંદુ વિરોધી છબિથી ગ્રસ્ત જગન રેડ્ડી અને દ્રમુક સરકારો દ્વારા એક જ ડેરીને કોન્ટ્રાક્ટ આપવો પણ અસામાન્ય લાગે છે. ઘીમાં પશુ ચરબી હોવાનો આરોપ અત્યધિક ગંભીર છે. ધ્યાન રહે કે ભૂતકાળમાં છેતરપિંડીથી ગૌમાંસ ખવડાવીને હિંદુઓ સામે ધર્માંતરણ માફિયાએ ધર્મ ભ્રષ્ટ થવાનો ડર અને એવી સ્થિતિમાં ધર્માંતરણને જ એકમાત્ર સમાધાન ગણાવીને ધર્માંતરણ કરાવ્યાં છે. જગન રેડ્ડી દ્વારા આરોપોના ખંડન પર એટલા માટે પણ ભરોસો કરવો મુશ્કેલ છે, કારણ કે ટીટીડી પર કબ્જા અને તેની ગતિવિધિઓમાં તેમના પિતા વાય.સેમ્યુઅલ રાજશેખર રેડ્ડીનો રેકોર્ડ પણ વિવાદાસ્પદ રહ્યો છે. ઈસાઈ મૂળના પિતા-પુત્રએ એવા બે લોકોને ટીટીડીના મુખ્ય કાર્યકારી અધિકારી બનાવ્યા, જેમના પર ઈસાઈ હોવાના આરોપ લાગ્યા. જોકે આ બંને અધિકારીઓ કરુણાકર રેડ્ડી ભૂમના અને વાયવી સુબ્બા રેડ્ડીએ આ આરોપોનું ખંડન કર્યું, પરંતુ ભૂમનાની પુત્રીના ઈસાઈ પદ્ધતિથી વિવાહના વીડિયો વાયરલ થઈ ગયા. નક્સલી પૃષ્ઠભૂમિથી આવેલા કરુણાકર રેડ્ડીનું એવું નિવેદન પણ જાહેર છે, જેમાં તેણે ભગવાન વેંકટેશ્વરની મૂર્તિને કાળો પથ્થર ગણાવીને તેને ચપ્પલથી પીટવાની વાત કહી છે. પેરિયાર જેવાં ઘૃણિત નિવેદનો આપનારા વ્યક્તિને રેડ્ડી પિતા અને પુત્રએ બે વખત ટીટીડીનો અધ્યક્ષ બનાવ્યો!

રેડ્ડી પિતા-પુત્રની દાનત પર એટલા માટે પણ સવાલ ઊઠે છે, કારણ કે તેઓ પોતાના ખાસ સંબંધીઓને ટીટીડી અધ્યક્ષ પદ ચાલુ રાખવા માગે છે. ભૂમના અને વાયવી રેડ્ડી બંને જગનના નજીકના સંબંધી છે. તિરુપતિ સ્થિત તિરુમલાની સાત પહાડીઓને ભગવાન વેંકટેશ્વરનો પૃથ્વી પરનો નિવાસ માનવામાં આવે છે અને અહીં કોઈ બીજા મજહબનાં ઉપાસના સ્થળ બનાવવાની મનાઈ છે, પરંતુ રાજશેખર રેડ્ડીના મુખ્યમંત્રી કાળ અને કરુણાકર રેડ્ડીના ટીટીડી કાર્યકારી અધિકારી રહેતાં બંનેએ પવિત્ર ક્ષેત્રને માત્ર બે પહાડીઓ સુધી જ સીમિત કરવાનો પ્રયાસ કર્યો. એ દરમ્યાન જ તિરુપતિમાં કેટલાંય ચર્ચ અને એક મોટી મસ્જિદ અસ્તિત્વમાં આવી અને ટીટીડીમાં ઘણા બિન-હિંદુઓને પણ નોકરી મળી ગઈ. તેની સાથે જ તિરુપતિમાં અમ્યૂઝમેન્ટ પાર્ક જેવાં મનોરંજન સ્થળોને ઉત્તેજન આપીને હિંદુ આસ્થાના એક મોટા તીર્થની પવિત્રતાને ખરડવાના પ્રયાસ પણ થયા.

તિરુપતિ પ્રસાદ પર પેદા થયેલ હાલનો વિવાદ હિંદુ આસ્થા પર ભીષણ આઘાત છે. શ્રીશ્રી રવિશંકર સહિત કેટલાય આધ્યાત્મિક ગુરુઓએ આ પ્રકરણની તુલના ૧૮૫૭ની ક્રાંતિમાં ગૌમાંસથી ભરેલી કારતૂસોના ઉપયોગતી પેદા થયેલ ઉત્તેજનાત્મક કૃત્ય સાથે કરી છે. આ દુઃખદ સ્થિતિ એટલા માટે પેદા થઈ, કારણ કે સરકારી નિયંત્રણ હોવાને કારણે મોટાં મોટાં મંદિરો બિનહિંદુ અને નાસ્તિકોના કબ્જામાં આવતાં રહ્યાં છે. એવી સ્થિતિમાં જ્યાં સુધી કોઈ સંસ્થાને લઈને સ્પષ્ટ કાયદા ન હોય, બંધારણના અનુચ્છેદ ૧૨ અંતર્ગત એ તમામ સંસ્થાઓ પણ રાજ્યની પરિભાષામાં આવી જાય છે, જેના પર સ્થાયી કે અસ્થાયી રૂપે સરકારી નિયંત્રણ હોય. એવામાં નિયુક્તિઓ, ખરીદી અને વ્યવસ્થાપન વગેરે પર રાજકીય નીતિઓ જ લાગુ થાય છે. આ કારણે બિનહિંદુઓની નિયુક્તિઓ કાયદાસંમત થઈ જાય છે, જેનો ઉપયોગ ખરાબ દાનતવાળા નેતા હિંદુઓને ચીડવવા માટે અને તેમની આસ્થા પર આઘાત કરવા માટે કરે છે. આજે તિરુપતિ પ્રસાદમાં ચરબીનો મામલો છે તો ક્યારેક મંદિરોથી મૂર્તિઓની ચોરી, ઘરેણાંની ચોરી અને મંદિરોની જમીન હડપવાના સમાચારો પણ આવતા રહે છે.

તિરુપતિ મંદિરની ઠીક સામે ઈસાઈયતના પ્રચારને ઉત્તેજન આપવામાં આવે છે. હિંદુઓ દ્વારા મંદિરો પર શ્રદ્ધાપૂર્વક ચડાવેલા ચઢાવાનો બિનધાર્મિક કાર્યોમાં કરાતો ઉપયોગ દાનરાશિની સરકારી લૂંટનું માધ્યમ બની ગયું છે. તિરુપતિમાં થયેલ હાલના અનાચાર બાદ એ ચોંકાવનારાં તથ્ય સામે આવ્યાં કે વાર્ષિક લગભગ ૧૨૦૦ કરોડ રૂપિયાનો ચઢાવો પ્રાપ્ત કરનારા મંદિરમાં પ્રસાદ સામગ્રીની ગુણવત્તા તપાસવા માટે એક નાનકડી પ્રયોગશાળા પણ નથી. આ પ્રકરણમાં જે રીતે હિંદુ ભાવનાઓને ઠેસ પહોંચાડવામાં આવી, તેને જોતાં દોષીઓને એવી સજા મળવી જોઈએ, જે એક દૃષ્ટાંત બને. તેની સાથે જ હિંદુ મંદિરોને સરકારી નિયંત્રણથી મુક્તિ પણ મળવી જોઈએ. તેના માટે એ પણ જરૂરી છે કે હિંદુ સમાજ ખુદ સરકાર સમક્ષ મંદિર મેનેજમેન્ટ અને પ્રશાસનનું એક સર્વસમાવેશી અને મજબૂત માળખું રજૂ કરે. જો આટલા ગંભીર પ્રકરણ બાદ પણ મંદિરોને હિંદુ નિયંત્રણમાં પાછા આપવાની કવાયત શરૂ નથી થતી તો આ પ્રકરણ પર ઉપજેલો આક્રોશ વ્યર્થ છે. અન્ય સમુદાયોને પોતાનાં ધર્મસ્થળોની દેખરેખનો જેવો અધિકાર છે, તેવો જ હિંદુઓને કેમ નથી?

# સારા શારીરિક બંધારણ માટે જરૂરી છે પ્રોટીન

આજે વિશ્વ બજારમાં લોકો સૌથી ઝડપી, ગીચ અને વ્યસ્ત સમયમાં જીવી રહ્યા છે. આર્થિક રીતે સદ્ધર પણ દિવસભરમાં ઘણાં કાર્યો કરવા પડે છે. આઠથી દસ કલાક બેસી રહેવું પડે છે. આ બેઠાડુ જીવનના કારણ સ્વાસ્થ્ય જાળવવામાં નિષ્ફળ રહે છે. આજકાલ જીવન મોંઘું અને મુશ્કેલ તેમ જ બિન આરોગ્ય પ્રદ બની ગયું છે. વિશ્વભરમાં ટેકનોલોજીના કારણે જીવન સરળ અને આરામદાયક બની ગયું છે. પણ સ્પર્ધાને કારણે વ્યક્તિ વધુ વ્યસ્ત અને માનસિક તાણવાળો બની ગયો છે.સ્વસ્થ જીવન માટે સમતોલ આહાર સમયસર આહાર લઇ શકતો નથી. તેથી સ્વાસ્થ્યના પડકાર વધુ ઝીલી રહ્યો છે. સ્વાસ્થ્ય પ્રદ ખોરાક જ લાંબા સમય સુધી કામ કરવાની ક્ષમતા આપે છે તેમ માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક પ્રવૃત્તિ માટે પણ જરૂરી બની જાય છે.જીવનને આનંદમયી રાખે છે તેમ જ જીવનમાં આવતા તમામ પ્રકારના પડકાર કે સમસ્યાનો સામનો કરવાની ક્ષમતા આપે છે.ટેકનોલોજીવાળો ખોરાક સારા પ્રોટીનની ગરજ પૂરી નથી કરતો. શરીરના સારા સ્વાસ્થ્ય માટે પ્રોટીન એ મહત્ત્વપૂર્ણ છે. મજબૂત શરીર માટે પ્રોટીનની આવશ્યકતા છે. આપણું શરીર પ્રોટીન બનાવવા અમાયનો એસિડનો ઉપયોગ કરે છે. અમાયનો એસિડ શરીરમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જે શરીરમાં ઉત્તકોનો વિકાસ અને ક્ષમતા જાળવે છે. શરીરમાં સમારકામ કરે છે. હાર્મોન અને મસ્તિષ્કનાં રસાયણો બનાવે છે. સ્વસ્થ ત્વચા, વાળ અને નખ બનાવે છે. માંસપેશીઓ બનાવે છે. સ્મરણશક્તિ અને કાર્યશક્તિ જાળવી રાખે છે.આ અમાયનો વીસ પ્રકારના છે. આપણને તેમાંથી મહત્ત્વપૂર્ણ અમાયનો નવ પ્રકારના છે. સારા અમાયનો એસિડ એ સ્વસ્થ અને તાજા ખોરાકમાંથી બને છે. જંકફૂડ અને બહારના ખાદ્ય પદાર્થથી ખોરવાઇ જાય છે. પરિણામે પ્રોટીન નબળા થઇ જાય છે. શરીરમાં બીમારીનો પ્રભાવ વધી જાય છે.




## અમાયનો એસિડનાં મુખ્ય સ્ત્રોતો

### હિસ્ટિડાઇન

આ અમાયનો શરીરની પ્રતિરક્ષા કાર્ય પાચન, નીંદર અને યોન કાર્યમાં મહત્ત્વપૂર્ણ છે. મસ્તિષ્કના રસાયણ બનાવે છે. લગભગ ચૌદ મિલિગ્રામની આવશ્યકતા છે. બ્લ્યુબેરી પીચ, પિસ્તા, દ્રાક્ષ, પાલક, કેલભાજી, ટોમેટો, ચીઝ આના મુખ્ય સ્ત્રોત છે. શરીરમાં થતી બળતરા કે એસીડીટી દૂર કરે છે, માનસિક તાણ દૂર થાય છે.

### આઇસોલ્યુસીન

માંસપેશીના ચયાપચન અને પ્રતિરક્ષા કાર્યમા હિસ્સેદારી છે. હિમોગ્લોબીન બનાવવા અને ઊર્ઝાને નિયંત્રિત કરે છે. આની જરૂર ઓગણીસ મિલીગ્રામની છે. પામેગ્ડાનચીઝ, ડ્રાયફ્રૂટસ, તોફૂ, બીન્સ, અંજીર, એવાકાડો, કીવી, સ્ટ્રોબેરી.

લ્યુરીન : શરીરમાં પ્રોટીન અને વિકાસ હાર્માન બનાવવા માટે જરૂરી. માંસપેશીના ઉત્તકોને વધારે છે. તેમ જ ઘાવને ભરે છે. રક્ત શર્કરાને નિયંત્રિત કરે છે. આની આવશ્યકતા બેતાલીસ મિલિગ્રામ છે. બ્રાઉન રાઇસ બધી જાતના સૂકામેવા, ચણા, મુખ્ય સ્ત્રોત છે. વજનનું નિયંત્રણ કરે છે. ચરબીનું પાચન કરે છે.

### લાઇસિન

હાર્માન અને ઊર્જા ઉત્પાદન કરવામાં મદદ કરે છે. કેલ્શિયમ અને પ્રતિરક્ષા કાર્ય માટે મહત્ત્વપૂર્ણ છે. આની આવશ્યકતા આડત્રીસ મિલિગ્રામ છે. હાડકા માટે જરૂરી છે. ચીઝ, વટાણા, સિંગદાણા, બાંબુ મુખ્ય સ્ત્રોત છે. કોલેસ્ટ્રોલને મજબૂત રાખે છે. વાળની ગ્રોથ માટે મહત્ત્વપૂર્ણ છે.

### મેથિયોનીન

શરીરના ઉત્તક, વિકાસ, ચયાપચન અને વિષહરણમાં સહાય કરે છે. ઝિંક અને સેલેનિયમ જેવી ધાતુઓના અવશોષણમાં મદદ કરે છે. આની આવશ્યકતા ઓગણીસ મિલિગ્રામ જેટલી છે. દૂધ મલાઈવાળું, અડદ, કાજુ, સનફલાવર સીડ, લસણ, એપલ, બ્રોકલી, સૂકી દ્રાક્ષ, આના મુખ્ય સ્ત્રોત છે.

### થ્રિઓનીન

કોલેજન અને ઈલાસ્ટિન માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. ત્વચા અને સંયોજી ઉત્તકની સંરચના પ્રદાન કરે છે. રક્તનું થ્રોમોબીન બનાવવા મદદ કરે છે. (જે રક્ત થક્કા બનાવે) રક્તસ્ત્રાવ રોકે છે. ચયાપચન અને ઈમ્યુનિટી માટે જરૂરી છે. આની આવશ્યકતા છવ્વીસ મિલિગ્રામ જેટલી છે. ગ્રેપફ્રૂટ (પપનસ), એવાકાડો, કેન્ટાલૂપ, ખજૂર, પ્લમ, ટોમેટો, પાઈનેપલ લેગ્યુમસ?? બકવેટ પમકીન સીડ આના મુખ્ય સ્ત્રોત છે. મસલ્સના પ્રોબ્લેમ દૂર થાય છે. શરીર મજબૂત બને છે.

### ટ્રિપ્ટોફેન

શરીરના નાઈટ્રોજનને સંતુલિત કરે છે. સેરોટોનિન નામનું મસ્તિષ્કનું રસાયણ બનાવે છે. મૂડ ભૂખ અને નીંદરને નિયંત્રિત કરે છે. આની આવશ્યકતા પાંચ મિલિગ્રામ છે. વીટ જર્મ, ઓટબાર્ન, સોયાબીન, રાજમા, પીન્ટોબીન્સ, અડદ, પમકીન, સૂકોમેવો, પાઈનેપલ, કેળા, મુખ્ય સ્ત્રોત છે.

### વેલિન

માંસપેશીની વૃદ્ધિ, ઉત્રક અને પુર્નજનન અને ઊર્જા બનાવે છે. આની આવશ્યકતા ચાલીસ મિલિગ્રામની છે. સનફલાવર સીડ, તલ, અળસી અને સીયાસીડ તેમ જ ચીઝ, દહીંમાંથી મળે છે. નેવીબીન્સ, રાજમા, ચણા, મશરૂમ, બ્રાઉનરાઈસ આના મુખ્ય સ્ત્રોત છે.

### ફેનિલએલનિન

મસ્તિષ્કના રસાયણ ફલોનું ઉત્પાદન કરે છે. ડોપામાઈન, એપિનેફ્રિન અને નોરપેનેફ્રિન માટે જરૂરી છે. આની આવશ્યકતા તેત્રીસ મિલિગ્રામ જેટલી છે. કંદમૂળ, રતાળુ, સૂકોમેવો, કાચા કેળા બધી જાતના ધાન્ય, બ્રાઉન રાઈસ, મકાઈ આના સ્ત્રોત છે.કોઈપણ મુશ્કેલી વિના સ્વસ્થ જીવન જીવવા માટે હંમેશાં પ્રોત્સાહિત રહેવું જોઈએ. તાજાંફળો, સલાડ, લીલા શાકભાજી, દૂધ, દહીં અને સમતોલ આહાર લેવો જોઈએ. જેથી હૉસ્પિટલો આગળ ભીડ ઓછી થાય. બાળકોને જંકફૂડની ખરાબ અસરો વિશે માતાપિતાએ હંમેશાં જાણ કરવી જોઈએ. સારા સ્વસ્થ ખોરાકની આદત બાળપણથી જ પાળવી જોઈએ. વ્યક્તિએ પણ દિનચર્યા ફક્ત પૈસા કમાવવા માટે જીવવું ન જોઈએ. સારા સ્વાસ્થ્યની મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ કરવા પર ધ્યાન દોરવું જરૂરી છે.



# મનને આરામ આપો ને શરીરને કામ આપો

## હમણાં એક સરસ વાક્ય વાંચવા મળ્યું

પહેલી નજરે આ વાક્ય સરળ લાગે, પરંતુ એનો અર્થ અત્યંત ગહન છે. આપણે આજકાલ એ વાક્યથી અવળું કરીએ છીએ. આપણે મનને ચાલતું રાખીએ છીએ અને શરીરને શાંત કરી દીધું છે!એ કારણે આપણા જીવનમાં અનેક ભવાઈઓ ઊભી થઈ છે. વળી, એકવીસમી સદીના લોકોમાં જે મુખ્ય સમસ્યાઓ સર્જાઈ છે એ બધી પણ આપણી આ અવળચંડાઈને કારણે જ ઊભી થઈ છે.

આ સદીની એ સમસ્યાઓ કઈ? તો કે ઓવરથિંકિંગને કારણે થતાં માનસિક પ્રશ્ર્નો, જેમાં આત્મહત્યા સુધીની વાત આવી જાય છે તો વધુ પડતું વજન, ઓછી કાર્યક્ષમતા અને શરીરમાં રહેતા પચાસ પ્રકારના રોગ! આ સમસ્યાઓનો સામનો આજનો માણસ કોઈ ને કોઈ રીતે કરી જ રહ્યો છે. વળી, આવી સમસ્યાઓને આપણે અત્યંત આકર્ષક ટર્મ્સ સાથે જોડી દઈએ છીએ કે મારે તો જીવનમાં આમ સંઘર્ષો છે ને એટલે મને આમ થયું!

જો કે, આપણે સમજી લેવું પડશે કે આપણા જીવનની હાલની મોટાભાગની સમસ્યાના મૂળમાં ઉપરોક્ત જે વાક્ય કહ્યું એનું અવળું અનુસરણ છે. આપણે એ શીખવું પડશે કે શરીરને શ્રમની જરૂર છે. સવારના કે સાંજના સમયે આપણે ફરજિયાત અમુક કસરત કે યોગ કરવા જ જોઈએ. જો એમ કરતા રહીશું તો આપણે આસાનીથી અનેક શારીરિક રોગથી દૂર રહીશું. આમાં પાછો આપણે એક ક્લોઝ પોતાનો ઉમેરી દેવાનો કે જો આપણે કસરત અને યોગ કરીએ જ છીએ તો દિવસે કારણ વિનાનું સુગર લેવાનું ટાળવું., જેથી આપણે વધુ સ્વસ્થ્ય રહી શકીએ અને ખાસ તો વધારાના વજનથી દૂર રહી શકીએ.

અલબત, એવું પણ નહીં કે એક વાર કસરત કરી લીધી એટલે પછી આખો દિવસ સોફા પર આડા પડીને રિલ્સ જોયા કરીએ! વધારામાં આપણે હવે એવા અત્યંત આળસુ પણ થઈ ગયા છીએ કે ઘરનાં નાનાં- મોટાં કામો પણ આપણે કરવાનાં ટાળીએ છીએ. સ્ત્રી હોય કે પુરુષ એણે ઘરનાં અમુક કામ જાતે જ કરવાનો આગ્રહ રાખવો. ભલેને પછી ઘરે સહાયકોની ફોજ કેમ ન હોય! જો અમુક કામ પોતે નહીં કરીએ તો ચાળીસીમાં આવીશું એ પહેલાં જ આપણને વાંકા વળવામાં વાંધા પડશે કે આપણી કમ્મર દુખશે કે પછી આપણને ચાલતા ચાલતા હાંફ ચઢશે!

આ તો શારીરિક સ્વાસ્થ્યની વાત થઈ. લોકોનું માનસિક સ્વાસ્થ્ય પણ આજના સમયમાં અત્યંત ચિંતાજનક સ્તરે કથળી રહ્યું છે. આજે દરેક માણસને ક્યાંતો ઉચાટ છે અથવા કારણ વિનાનો ઉશ્કેરાટ છે કે પછી ડિપ્રેશન છે. ખબર નહીં કેમ, પરંતુ આજે મોટાભાગના લોકોને એમ લાગે છે કે પોતે રહી ગયા છે અને બીજા એમનાથી આગળ નીકળી ગયા છે કે પછી આજે મોટાભાગના લોકોને કારણ વિના એકલતા સતાવી રહી છે.શેના કારણે આવું થાય છે? એનું કારણ એ કે આપણે આજકાલ મગજ પાસે વધુ પડતું અને કારણ વિનાનું કામ લઈએ છીએ. સોશિયલ મીડિયાને કારણે આપણે હવે વધુ ઝડપે તેમજ વધુ પડતું વિચારતા થઈ ગયા છે. આ કારણે આપણી ધીરજ પણ ખૂટી રહી છે. આપણને હવે બધુ ફટાફટ કરવું છે અને ઈન્સ્ટંસ્ટ તો ભાઈ, માત્ર મેગી જ બનેપ બાકી તો ધીરજ રાખવી પડે. બધુ કંઈ તરત ન થાય. ધીરજના અભાવને કારણે કે પછી વધુ પડતું વિચારતા રહેવાને કારણે થયું એ કે આજે મોટાભાગના લોકો માનસિક બીમારીનો ભોગ બન્યા છે. આ કારણે એમના અને સ્વજનોના જીવનમાં કલેશ અને કકળાટ વધી ગયો છે. લોકોને ઘરે કે પોતાનાં કામના સ્થળે ગમતું નથી, કારણ કે એમના જીવનમાં શાંતિ નથી, પરંતુ જીવનમાં અશાંતિનું મૂળ મનની અશાંતિ છે.આપણે સૌએ મનને શાંત કરતાં -રાખતાં શીખવું પડશે. દરેક વાતમાં મગજ ઘસવાનું બંધ કરવું પડશે. એની જગ્યાએ સારું વાંચવામાં, સ્વજનોને પ્રેમ કરવામાં, એમની સાથે વાતો કરવામાં કે પછી માત્ર આપણું કામ કરવામાં આપણે ધ્યાન આપવું. આમ કરીશું તો આપણી પર્સનલ લાઈફ પણ અત્યંત સારી રહેશે અને આપણા કામના મોરચે પણ આપણે અવ્વલ રહીશું.જો કે, આપણે ગામ આખાને લઈને અત્યંત સજાગ રહીએ અને આપણી જાતને લઈને સજાગ રહેતા નથી એટલે મનની પાસે સતત કામ કરાવીએ છીએ અને શરીરને આરામ દઈએ છીએ ને પછી કારણ વિના ભોગવતા રહીએ છીએ.

# શા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છેશરીરનું પીએચ લેવલ જાળવવું?

જ્યારથી યુપીએસસીએ સિવિલ સર્વિસિસની પ્રારંભિક પરીક્ષામાં સી-સેટના ફોર્મેટનો સમાવેશ કર્યો છે, ત્યારથી જનરલ સ્ટડીઝનો વ્યાપ ઘણો વધી ગયો છે. તેથી, પરીક્ષાર્થીઓએ જનરલ સ્ટડીઝના ઘણા નાના પ્રશ્નો નોલેજ બાઈટના રૂપમાં યાદ રાખવા જોઈએ. આ તેમને ખૂબ કામ આવે છે, માત્ર આઈએએસની પરીક્ષામાં જ નહીં, પરંતુ લગભગ તમામ પ્રકારની પરીક્ષાઓમાં હવે જનરલ સ્ટડીઝની વિશાળ શ્રેણીમાંથી પ્રશ્નો પૂછવાનો ટ્રેન્ડ શરૂ થયો છે, ત્યારે સતત એક વિષય પર ગંભીરતાથી અભ્યાસ કરવાની જરૂર ચોક્કસપણે હોય છે. વ્યક્તિએ ખૂબ જ ઝડપી ફોર્મેટમાં એક સાથે વિવિધ વિષયો પરના રસપ્રદ પ્રશ્નો દ્વારા જ્ઞાનની બાઈટ લેતા રહેવી જોઈએ, જે ગમે ત્યાંથી અચાનક પૂછાયેલા આવા પ્રશ્નોના જવાબ આપવા માટે ઉપયોગી છે. અહી આવા ખૂબ જ વિચિત્ર પ્રશ્નોના તેમના સંપૂર્ણ જવાબ આપવામાં આવ્યા છે, જે એકવાર વાંચ્યા પછી સરળતાથી યાદ આવી જશે. તો ચાલો શરૂ કરીએ.આ પ્રશ્નનો સાચો જવાબ જાણતા પહેલા, આપણે જાણીએ કે પીએચ શું છે અને તેના સાચા લેવલનો અર્થ શું છે ? પીએચનું ફૂલ ફોર્મ છે પાવર ઑફ હાઇડ્રોજન અર્થાત્? હાઇડ્રોજનની શક્તિ. વાસ્તવમાં પ્રવાહીમાં હાઇડ્રોજન પરમાણુઓની સંખ્યા નક્કી કરે છે કે તે એસિડિક છે કે આલ્કલાઇન. જો કોઈ પ્રવાહી અથવા પ્રોડક્ટનો પીએચ ૧ અથવા ૨ હોય, તો તેનો અર્થ એ કે તે એસિડિક છે અને જો પીએચ ૧૩ અથવા ૧૪ છે, તો તેનો અર્થ એ કે તે આલ્કલાઇન છે. પીએચ સ્કેલ ૦ થી ૧૪ સુધી જાય છે. આમાં, ૦ એ સૌથી વધુ એસિડિક બિંદુ છે અને ૧૪ એ સૌથી વધુ આલ્કલાઇન બિંદુ છે, જ્યારે ૭ એ તટસ્થ બિંદુ છે. શરીરનું આદર્શ પીએચ સ્તર ૭.૩૫ થી ૭.૪૫ની વચ્ચે હોય છે. આ બિંદુઓની આસપાસ કોઈપણ નાના ફેરફારો આપણા શરીર પર ગંભીર અસરો કરી શકે છે. ઉદાહરણ તરીકે, જો શરીરનું પીએચ સ્તર ઘટીને ૬.૯ થઈ જાય, તો આપણે કોમામાં જઈ શકીએ છીએ.પીએચ સંતુલન આપણા સંપૂર્ણ આરોગ્ય માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આ સંતુલન આપણા શરીરને સારી રીતે કાર્ય કરવામાં મદદ કરે છે. આ સંતુલનને કારણે, ઓક્સિજન શરીરના પેશીઓને પહોંચાડવામાં આવે છે, જેના કારણે શરીરમાં બાયોકેમિકલ પ્રક્રિયાઓ યોગ્ય રીતે થાય છે. જો શરીરમાં પીએચ સંતુલનમાં ગડબડ થઈ જાય, તો ગ્લાયકોલિટીક એન્ઝાઇમ, ફોસ્ફોફ્રુક્ટોકિનેઝ-૧ (પીએફકે-૧) ની પ્રવૃત્તિ મંદ પડી જશે, કારણ કે તે પીએચ પર આધારિત છે, જેના પરિણામે ચક્કર આવવા, ખૂબ થાક લાગવો, ભૂખ ન લાગવી, માથામાં દુખાવો થવો, ઝડપી શ્વાસ, ઊલટી, સુસ્તી, મૂર્છા, કોમા અને આખરે આપણું મૃત્યુ પણ થઈ શકે છે. હકીકતમાં, જ્યારે શરીર ખૂબ એસિડિક (એસિડોસિસ) અથવા ખૂબ આલ્કલાઇન (આલ્કલોસિસ) બની જાય છે, ત્યારે એવાં લક્ષણોઉદ્ભવી શકે છે, જે રોજિંદા પ્રવૃત્તિઓ પૂર્ણ કરવી અશક્ય બનાવે છે. જો કે, આવું બહુ સરળતાથી થતું નથી, કારણ કે શરીર પોતે પીએચ સંતુલન જાળવવામાં નિષ્ણાત છે, તેથી સામાન્ય રીતે આવી પરિસ્થિતિ મુશ્કેલીથી આવે છે.અત્યાર સુધીમાં તમે સમજી ગયા હશો કે પીએચ વાસ્તવમાં એક લઘુગણક સ્કેલ છે જેનો ઉપયોગ જલીય દ્રાવણની એસિડિટી અથવા ક્ષારતાને સ્પષ્ટ કરવા માટે થાય છે. આપણા શરીરના જુદા જુદા ભાગોનું પીએચ લેવલ અલગ-અલગ હોય છે,ઉદાહરણ તરીકે, પેટનું પીએચ ૧.૫ થી ૩.૫ની વચ્ચે હોય છે. ત્વચાનો પીએચ ૫.૪ થી ૫.૯ સુધીનો છે. યોનિનું પીએચ ૩.૮ થી ૪.૫ની વચ્ચે હોય છે. પીએચ રેન્જ ૦ – ૧૪ છે. ૭ કરતા વધારે પીએચ એટલે કે પદાર્થ આલ્કલાઇન છે. ૭ કરતાં ઓછી પીએચ એટલે કે પદાર્થ એસિડિક છે, જ્યારે પીએચ બરાબર ૭ હોય ત્યારે તે સૂચવે છે કે પદાર્થ તટસ્થ છે. શુદ્ધ પાણીનું પીએચ મૂલ્ય ૭ છે. એસિડિક સોલ્યુશનમાં પીએચ ૭ કરતા વધારે હોય છે. આલ્કલાઇન સોલ્યુશનમાં પીએચ ૭થી ઓછું હોય છે.






# ઓહ ઉનાળો, આહ ઉનાળો પણ જરા સાચવજો!

## આ ઋતુમાં શરીર સાજુમાજુ રહે એ માટે આપણે કેટલીક તો તકેદારી લેવી જ

ઉનાળો તો મૂળે આકરો હતો, એમાં ક્લાયમેટ ચેન્જ-આબોહવામાં થતાં ફેરફારને કારણે ઉનાળો હવે પહેલાંથી વધુ આકરો બન્યો છે. પહેલી નજરે લાગતી આ ગરમી કે તડકો એ માત્ર ગરમી નથી, પરંતુ આપણા માટે જીવનભર યાદ રહી જાય એવી આફતો નોતરી શકે છે, કારણ કે આ સમય સ્વાસ્થ્ય માટે પણ અત્યંત આકરો સાબિત થતો હોય છે, જે સમયમાં લૂ લાગવાથી લઈ સ્ટ્રોક આવવા સુધીની ગંભીર સમસ્યાઓના સૌથી વધુ કેસ બનતા હોય છે. બીજી તરફ, પુરુષને તો શિયાળો હોય કે ઉનાળો, એના કામ કે એની જવાબદારીઓમાં કોઈ ફરક આવવાનો નથી. એણે તો દોડ્યે જ રાખવાનું છે. આમ છતાં, આ સમયમાં એ કેટલીક તકેદારી રાખે એ અત્યંત મહત્ત્વનું છે.

આપણે અહીં એમ ચર્ચા નહીં કરીએ કે તમે સનસ્ક્રિન લોશન ચોપડીને બહાર નીકળજો કે ઉનાળામાં આવા કપડાં પહેરજો.. પરંતુ તો યે એણે ખાવા-પીવાને લઈને અમુક વાતનું વિશેષ ધ્યાન રાખવું પડશે.જેમ કે પુરુષ મોટાભાગે ઘરેથી વહેલો નીકળે છે અને સાંજે મોડો ઘરે આવે છે તો દિવસ દરમિયાન પણ તે અહીંથી તહીં ફરતો રહે છે.આવા સમયે ક્યાં તો પુરુષ ઘરેથી જમવાનું નથી લઈ જતો અથવા તો તે ઘરનું લઈ ગયો હોય તો પણ બહાર કંઈ ને કંઈ તો ખાતો રહે છે.

એક ગાઈડલાઈનમાં સરકારે સુધ્ધાં કહ્યું છે કે ગરમીના દિવસોમાં બહારનું ખાવાનું ટાળવું, કારણ કે બહારનો ખોરાક વાસી હોય છે તેમજ તળેલો અથવા મસાલેદાર હોય છે. આ ખોરાકથી ગરમીના દિવસોમાં આસાનીથી તબિયત બગડી જતી હોય છે એટલે આ દિવસો દરમિયાન બહારનું ખાવાનું સદંતર ટાળવું.એક હેલ્થ એક્સપર્ટ એમ પણ કહે છે કે પુરુષ મોટાભાગે કોઈ ને કોઈ વ્યસનનો બંધાણી હોય છે. ક્યાં તો એને માવા અને પાનમસાલા કે સિગારેટની ટેવ હોય છે. અથવા તો આલ્કોહોલ લેતો હોય છે, પરંતુ ગરમીના દિવસોમાં શરીરને હાઈડ્રેડ રાખવાની અત્યંત જરૂર હોય છે એટલે કે શરીરમાં પ્રવાહી પૂરતા પ્રમાણમાં રહે એ જરૂરી છે, કારણ કે આલ્કોહોલ કે કેફીન માણસને વધુ પડતા પસીના કે પેશાબથી ડિહાઈડ્રેડ કરી દે છે. વળી, ગરમીના સમયે શરીરની આંતરિક ક્રિયાઓમાં અત્યંત દબાણ સર્જાતું હોય છે. એવા સમયે કેફીન કે આલ્કોહોલ શરીર માટે અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે માટે આ દિવસો દરમિયાન પુરુષોએ કોઈ પણ પ્રકારનું વ્યસન ટાળવું. આખરે જાત મહત્ત્વની છે. શોખ નહીં!આ ઉપરાંત ડાયેટિશિયન-આહારશાસ્ત્રી એમ સલાહ આપે છે કે આ દિવસોમાં પાણી પીતા રહેવું. સાથે છાસ કે લીંબુપાણી જેવાં દ્રાવણનો પણ મારો ચલાવવો. આ દિવસોમાં ચા-કોફી પણ પીવું ટાળવું. જો કે , પુરુષ આ વાતને લઈને લઘરો હોય છે. ઘણી વાર તો સવારે ઘરેથી લીધેલી પાણીની બોટલ પણ અડધી જ પીધી હોય છે. આ પણ યોગ્ય નથી. ગરમી દરમિયાન શરીરમાં દિવસના બેથી ત્રણ લિટર પાણી ઠલવાવું જોઈએ. એમાં આળસ નહીં કરવાની. . આખરે આ આપણી પોતાની જાત છે. આપણને આપણા સિવાય એને બીજું કોણ સુખી કરી શકવાનું ? અને આપણું સુખ આપણા સ્વાસ્થ્ય સાથે જ સંકળાયેલું છે. ડાયેટિશિયનની બીજી સલાહ એ છે કે ઉનાળા દરમિયાન અનાજ કે ભારે ખોરાક ઓછો ગ્રહણ કરો.

E-mail : drashtikonjanvani09@gmail.com

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

ફિલ્મ

Friday, 09 October-2026
શુક્રવાર, તા.૦૯/૧૦/૨૦૨૬

# નાના પાટેકરનું નિધન

દિગ્ગજ અભિનેતા નાના પાટેકરનું ૮ ઓક્ટોબર, ૨૦૨૬ને ગુરુવારે સવારે નિધન થયું. તેમને ગોવા સ્થિત ઘરમાં કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો. તેમને લગભગ ૪૫ મિનિટ સુધી CPR આપવામાં આવ્યું, પરંતુ તેમને બચાવી શકાયા નહીં. તેમના અંતિમ સંસ્કાર પુણેના ફાર્મહાઉસમાં કરવામાં આવશે. મણિપાલ હોસ્પિટલના ડૉ. શેખર સાલકરના જણાવ્યા અનુસાર નાના પાટેકરનું સવારે ૫:૨૦ વાગ્યે નિધન થયું. ઘટના સમયે નાના સાથે ઘરમાં પરિવારનો કોઈ સભ્ય નહોતો. તેમના મિત્રો અને કેરટેકર હાજર હતા. હવે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. નાના પાટેકરની સામાજિક સંસ્થા ‘નામ ફાઉન્ડેશન’ના CEO ગણેશ થોરાતે જણાવ્યું કે, એક્ટરનું પાર્થિવ શરીર સાંજે ૫ વાગ્યા સુધી ફાર્મહાઉસ પહોંચી શકે છે. અહીં અંતિમ દર્શનની પણ વ્યવસ્થા કરવામાં આવશે.૪ ઑક્ટોબરે નાના પાટેકર ગોવાના ડોના પૌલા ખાતે એક કાર્યક્રમમાં સામેલ થયા હતા. કાર્યક્રમનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તેઓ ડ્રમ વગાડતા, ડાન્સ કરતા અને મસ્તી કરતા જોવા મળ્યા. તેમણે કહ્યું હતું- “આપણે સૌએ એક દિવસ જવાનું છે, ખબર નથી કે હું કાલે અહીં હોઈશ કે નહીં.”



નાના પાટેકરજીનું જીવન તિરંગાની આન, બાન અને શાન માટે સમર્પિત હતું

## રાત્રે નાનાએ મિત્રને મેસેજ કર્યો હતો

ડૉ. શેખરે જણાવ્યું કે રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે નાનાએ એક મિત્રને મેસેજ કરીને તબિયત સારી ન લાગતી હોવાની વાત કરી હતી. મિત્રએ તે સમયે મેસેજ જોયો નહોતો. બાદમાં ફોન કર્યા પછી તે લગભગ ૪ વાગ્યે નાનાના ઘરે પહોંચ્યા. તે સમયે નાનાને ઘણો પરસેવો વળી રહ્યો હતો. તેમની હાલત બગડી રહી હતી. થોડા સમય બાદ તેઓ બેભાન થવા લાગ્યા.ત્યારબાદ કેરટેકરને હોસ્પિટલ મોકલવામાં આવ્યા અને એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી. ઈમરજન્સી ટીમ ઘરે પહોંચી ત્યારે નાનાં સંપૂર્ણપણે પ્રતિસાદ-વિહોણા (નોન-રિએક્ટિવ) હતા. ટીમે તરત જ કાર્ડિયાક મસાજ શરૂ કર્યો. તેમને સવારે લગભગ ૪:૨૦થી ૪:૩૦ વાગ્યાની વચ્ચે મણિપાલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. ડૉક્ટરોના જણાવ્યા અનુસાર, તેમને મૃત અવસ્થામાં હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા.



# પીએમ મોદીની નાના પાટેકરને શ્રદ્ધાંજલિ

નાના પાટેકરનું આજે ૭૫ વર્ષની ઉંમરે નિધન થયું. ગોવામાં કાર્ડિયાક અરેસ્ટ બાદ તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, પરંતુ ડૉક્ટરો તેમને બચાવી શક્યા નહીં. તેમના નિધન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અનેક લોકોએ નાના પાટેકરને શ્રદ્ધાંજલિ આપી.

ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસના બીજા દિવસે પીએમ મોદીએ કહ્યું કે, ’નાના અસાધારણ કલાકાર હતા, જેમણે અલગ-અલગ પાત્રો દ્વારા દર્શકોના દિલમાં સ્થાન બનાવ્યું.’

પીએમ મોદીએ કહ્યું કે, ’નાના પાટેકરજીનું જીવન તિરંગાની આન, બાન અને શાન માટે સમર્પિત રહ્યું. તેઓ બંધનોમાં રહ્યા નહીં, પરંતુ પક્ષીની જેમ ફિલ્મોના આકાશમાં ઉડ્યા. તેમણે સમાજમાં વ્યાપેલી વ્યવસ્થા પર પોતાની ફિલ્મો દ્વારા આકરો પ્રહાર કર્યો.’

## ૬ ફિલ્મો- ‘તિરંગા’, ‘પરિંદા’, ‘પ્રહાર’, ક્રાંતિવીર’, ‘ખામોશી’, ‘અંકુશ’નો ઉલ્લેખ; બોલિવૂડ સેલેબ્સ પણ ભાવુક થયા



તેમણે આગળ કહ્યું કે, ’તેઓ એવા ક્રાંતિવીર હતા, જેમણે બુરાઈઓ વિરુદ્ધ કામ કર્યું. તેમની વાણી જેટલી તેજ હતી, તેમનું મૌન પણ એટલું જ અસરકારક હતું. તેઓ દેશવિરોધી તત્ત્વો પર સતત અંકુશના સમર્થક હતા. હું નાના પાટેકરજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું અને તેમના પરિવારજનો તથા પ્રશંસકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું.’

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ નાના પાટેકરને શ્રદ્ધાંજલિ આપી. તેમણે લખ્યું, “પ્રસિદ્ધ અભિનેતા નાના પાટેકરજીના નિધનના સમાચાર અત્યંત દુઃખદ છે. પોતાના અભિનય અને પાત્રો દ્વારા તેમણે ભારતીય સિનેમા પર અને દર્શકોના દિલોમાં અમીટ છાપ છોડી છે. આ દુઃખની ઘડીમાં મારી ઊંડી સંવેદનાઓ તેમના શોકગ્રસ્ત પરિવારજનો, મિત્રો અને સમર્થકો સાથે છે.”

અક્ષય કુમારે કહ્યું, ’નાનાજીના નિધનના સમાચારથી ખૂબ દુઃખી છું. તેઓ એવા પસંદગીના કલાકારોમાંના એક હતા, જેમને રોકાઈને જોવા માટે તમારે ઘણું કરવાની જરૂર પડતી નહોતી. હું પોતાને નસીબદાર માનું છું કે મને તેમની સાથે (વેલકમ) અને તાજેતરમાં (હાઉસફુલ ૫)માં કામ કરવાની તક મળી. આ બંને ફિલ્મોના સેટની ઘણી બધી યાદો છે, જેને હું હંમેશા મારા દિલની નજીક રાખીશ.’

મારી પાસે શબ્દો નથી. નાના પાટેકરજીના નિધનના સમાચારથી એવું લાગી રહ્યું છે, જાણે મારા પરથી કોઈ ટ્રક પસાર થઈ ગયો હોય. હું ખૂબ જ દુઃખી છું. તેઓ એક અદભુત અભિનેતા હતા અને તેમનો કોઈ મુકાબલો નહોતો. તેઓ પડદાની બહાર પણ હીરો હતા. લોકોની ભલાઈ માટે તેમણે પોતાની ચેરિટી દ્વારા સતત કામ કર્યું.

વાતચીતમાં ડિરેક્ટર મેહુલ કુમારે નાના પાટેકરને યાદ કરતાં કહ્યું કે, ’તેમની સાથે ’તિરંગા’, ’ક્રાંતિવીર’ અને ’કોહરામ’ જેવી ત્રણ યાદગાર ફિલ્મો કરી હતી.’ તેમણે કહ્યું કે, ’નાના ખૂબ જ જમીન સાથે જોડાયેલા અને સચ્ચાઈના માર્ગે ચાલનારા વ્યક્તિ હતા. ફિલ્મોની સફળતા અને અનેક પુરસ્કારો મળ્યા પછી પણ તેમનું વર્તન ક્યારેય બદલાયું નહોતું.’

મેહુલ કુમારે કહ્યું કે, ’નાનાએ અન્ય કોઈ ડિરેક્ટર સાથે ત્રણ ફિલ્મો કરી નહોતી. ક્રાંતિવીરને લઈને દિલીપ કુમારે પણ કહ્યું હતું કે, લોકો નાનાને હંમેશાં આ પાત્રના નામથી યાદ રાખશે.’

તેમણે કહ્યું કે, ’’કોહરામ’ દરમિયાન શરૂઆતમાં અમિતાભ બચ્ચનને નાના સાથે કામ કરવામાં થોડો સંકોચ હતો, પરંતુ બાદમાં નાના અને અમિતાભ વચ્ચે સારી મિત્રતા થઈ ગઈ. બીજી તરફ, ’તિરંગા’ના સેટ પર નાના અને રાજ કુમાર વચ્ચે પણ સારી બોન્ડિંગ બની ગઈ હતી.’

મેહુલ કુમારે કહ્યું કે, ’નાના માત્ર એક સ્ટાર નહોતા, પરંતુ સારા માણસ પણ હતા. તેમણે ગરીબો અને ખેડૂતોની ઘણી મદદ કરી હતી. તેમનું નામ હંમેશાં યાદ રાખવામાં આવશે.’



સુવર્ણ મંદિરમાં એઠાં વાસણો માંજ્યા, મહિલાઓ પાસેથી પંજાબી શીખ્યા

# પંજાબ પ્રત્યે અનોખો પ્રેમ

બોલિવૂડના દિગ્ગજ એક્ટર નાના પાટેકરનું ગુરુવારે સવારે ૭૫ વર્ષની ઉંમરે નિધન થયું. નાના પાટેકરને પંજાબીઓ ખૂબ પસંદ હતા. ૧૭ વર્ષ પહેલાં તેઓ પંજાબમાં શૂટિંગ કરી રહ્યા હતા, ત્યારે તેમણે પંજાબી ભાષા શીખી હતી. તેમણે કહ્યું હતું કે, તેમને પંજાબીઓ ખૂબ પસંદ છે. ચંડીગઢમાં ‘વેલકમ’ના શૂટિંગ દરમિયાન તેમણે અસિસ્ટન્ટ ડિરેક્ટરના ખેડૂત પિતાની બાયપાસ સર્જરી માટે તરત જ ૩ લાખ રૂપિયા આપી દીધા હતા.આ દરમિયાન તેમણે ગોલ્ડન ટેમ્પલની સંપૂર્ણ પરિક્રમા કરી અને ત્યારબાદ લંગર હોલમાં એઠાં વાસણો પણ માંજ્યાં હતાં. ત્યાર પછી જ્યારે તેઓ ફરી અમૃતસર આવ્યા, ત્યારે વાઘા બોર્ડર પર રિટ્રીટ સમારોહમાં પણ પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે મ્જીઢ્ઢની નશાવિરોધી દોડમાં પણ ભાગ લીધો હતો.

નાના પાટેકરે ગોલ્ડન ટેમ્પલનાં દર્શન કર્યા બાદ મીડિયા સાથે વાત કરતાં કહ્યું હતું કે, ’અહીં આવીને મને ખૂબ શાંતિ મળી છે, આવી શાંતિ મેં ક્યારેય ક્યાંય અનુભવી નથી. અહીંના લોકોની સેવા અને શ્રદ્ધા જોઈને હું ખૂબ આશ્ચર્યચકિત છું. હું વિચારી રહ્યો છું કે હું પહેલાં ક્યારેય અહીં કેમ આવ્યો નહીં. અહીં કોઈ નાનું-મોટું કે કોઈપણ પ્રકારનો ભેદભાવ નથી. જો આખો દેશ આ વાત સમજી લે અને તેને પોતાના જીવનમાં અપનાવી લે, તો આપણો દેશ સોના જેવો બની જશે.’

વર્ષ ૨૦૦૯માં ’એકઃ ધ પાવર ઑફ વન’ના શૂટિંગ દરમિયાન નાના પાટેકર ચંડીગઢ અને પંજાબમાં શૂટિંગ કરી રહ્યા હતા. ફિલ્મમાં તેમને ઞ્ૈં અધિકારીની ભૂમિકા ભજવવાની હતી અને તેમના ઘણા દૃશ્યો પંજાબમાં લોકો સાથે વાતચીત કરતા હતા. પોતાના મરાઠી ઉચ્ચાર હોવા છતાં સંવાદોને પંજાબી અંદાજમાં બોલવા માટે તેમણે સ્થાનિક પંજાબી મહિલાઓ પાસેથી પંજાબી ઍક્સેન્ટ શીખવાનો ખાસ પ્રયાસ કર્યો હતો.

તે દરમિયાન એક અહેવાલમાં નાનાએ કહ્યું હતું કે, ’મને પંજાબીઓ પસંદ છે. મારા પિતા પણ અસ્ખલિત પંજાબી બોલતા હતા, કારણ કે ટેક્સટાઈલ પ્રિન્ટિંગના વ્યવસાયમાં તેમનો દરરોજ પંજાબીઓ સાથે સંપર્ક રહેતો હતો.’ નાના પાટેકરને ખેતીકામ પણ ખૂબ પસંદ હતું. તેમણે ચંડીગઢમાં મીડિયા સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે, ’મને પ્રકૃતિની નજીક રહેવું પસંદ છે અને હું “દિલથી ખેડૂત” છું.’વર્ષ ૨૦૦૭માં ફિલ્મ ‘વેલકમ’ના શૂટિંગ દરમિયાન નાનાને જાણવા મળ્યું કે, યુનિટના એક અસિસ્ટન્ટ ડિરેક્ટર બિટ્ટુ ચંડોકના કાકા અવતાર સિંહ ચંદીગઢમાં રહે છે અને ખેડૂત છે.

# નાના પાટેકરે ‘અંકુશ’ માટે ઘર ગીરવે રાખ્યું હતું

પ્રોડ્યુસર પાસે વાસણ ધોવડાવ્યા, ’પરિંદા’ના ક્લાઈમેક્સમાં આગથી દાઝ્યા; દિગ્ગજ એક્ટરના વણકહ્યા કિસ્સા

નાના પાટેકરનું આજે, ગુરુવારે ૭૫ વર્ષની વયે નિધન થયું. ગોવાના ડોના પાઉલા સ્થિત તેમના ઘરે તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. ત્યારબાદ તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં લગભગ ૪૫ મિનિટ સુધી સીપીઆર આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો, પરંતુ તેમને બચાવી શકાયા નહીં.

નાના પાટેકરની ફિલ્મી કારકિર્દી લગભગ પાંચ દાયકા લાંબી રહી. તેમણે થિયેટરથી શરૂઆત કરી અને બાદમાં ફિલ્મો તરફ વળ્યા. ’ગમન’, ’અંકુશ’, ’પરિંદા’, ’ક્રાંતિવીર’, ’તિરંગા’, ’અબ તક છપ્પન’, ’અપહરણ’ અને ’વેલકમ’ જેવી ફિલ્મોમાં તેમણે યાદગાર ભૂમિકાઓ ભજવી હતી.

૧ જાન્યુઆરી, ૧૯૫૧ના રોજ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના મુરુડ-જંજીરા ગામમાં જન્મેલા વિશ્વનાથ ગજાનન પાટેકરને દુનિયા નાના પાટેકર તરીકે ઓળખે છે. નાના બાળપણથી જ અન્ય બાળકો કરતાં અલગ રહ્યા. તેમના સ્વભાવમાં બળવાખોર વલણ હતું. તેઓ સમાજની કુરિવાજોને કળાના માધ્યમથી રજૂ કરવા માંગતા હતા. તેથી પહેલાં તેઓ




થિયેટરમાં આવ્યા અને ત્યારબાદ ફિલ્મો તરફ વળ્યા.

નાના પોતાના ગુસ્સાવાળા સ્વભાવ માટે પણ ચર્ચામાં રહેતા હતા.

# ત્રણ વર્ષના પ્રેમસંબંધને કાયદેસર સંબંધમાં પરિવર્તિત કરી માતા-પુત્રનું ભવિષ્ય સુરક્ષિત બનાવાયું

**દ્રષ્ટિકોણ-બોટાદ :** બોટાદ જિલ્લા કલેક્ટર હર્ષદ વોરા, જિલ્લા મહિલા અને બાળ અધિકારી આઈ. આઈ. મંશુરી, બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક ધર્મેન્દ્ર શર્મા તથા નોડલ અધિકારી ડીવાયએસપી એ. એ. સૈયદના માર્ગદર્શન હેઠળ બોટાદ મહિલા પોલીસ સ્ટેશન અને પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર (PBSC) દ્વારા એક સંવેદનશીલ પારિવારિક મામલામાં અસરકારક કાઉન્સેલિંગ કરી સરાહનીય કામગીરી કરવામાં આવી હતી.




પ્રાપ્ત અરજીના અનુસંધાને જાણવા મળ્યું હતું કે એક મહિલા છેલ્લા ત્રણ વર્ષથી એક યુવક સાથે પ્રેમસંબંધમાં હતી. આ સંબંધ દરમિયાન મહિલાને એક પુત્રનો જન્મ થયો હતો. બાળકના ભવિષ્ય, મહિલાના હક્કો તેમજ બંને પક્ષોના સામાજિક અને કાયદેસર ભવિષ્યને ધ્યાનમાં રાખીને PBSC તથા મહિલા પોલીસ સ્ટેશન દ્વારા બંને પક્ષોને સાથે રાખી વ્યક્તિગત તેમજ સંયુક્ત કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. કાઉન્સેલિંગ દરમિયાન બંને પક્ષોને સંબંધિત કાયદાકીય જોગવાઈઓ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ બાળકના ભવિષ્ય અને મહિલાની સુરક્ષા, સન્માન તથા કાયદેસર હક્કોને પ્રાથમિકતા આપી પરસ્પર સમજણ અને જવાબદારીની ભાવના વિકસે તે માટે સમજાવવામાં આવ્યું હતું.

કાઉન્સેલિંગના પરિણામે યુવકે મહિલાને કાયદેસર રીતે લગ્ન કરવાની સંમતિ આપી હતી. સાથે જ મહિલાને પત્ની તરીકેનો કાયદેસર દરજ્જો આપવાની અને મહિલા તથા તેમના પુત્રની જવાબદારી સ્વીકારવાની સંમતિ વ્યક્ત કરી હતી. બંને પક્ષોની પરસ્પર સમજણ અને સંમતિથી સમગ્ર મામલાનો સુખદ ઉકેલ લાવવામાં આવ્યો હતો.

આ કામગીરીમાં PBSC બોટાદના કાઉન્સેલર રીના વ્યાસ અને રિંકલ મકવાણા તેમજ બોટાદ મહિલા પોલીસ સ્ટેશનના થાણા અધિકારી એસ. એન. મકવાણા દ્વારા સંવેદનશીલ અને માનવીય અભિગમ સાથે કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું.

બોટાદ મહિલા પોલીસ સ્ટેશન અને PBSCની આ કામગીરીનો હેતુ માત્ર વિવાદનું નિરાકરણ કરવાનો નહીં, પરંતુ મહિલાના સન્માન અને કાયદેસર હક્કો સાથે બાળકના સુરક્ષિત તથા ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને યોગ્ય માર્ગદર્શન આપવાનો રહ્યો હતો.

આ સમગ્ર ઘટનામાં કાઉન્સેલિંગની પ્રક્રિયા દ્વારા સંવેદનશીલ પારિવારિક પ્રશ્નોનું કાયદાકીય માર્ગદર્શન, પરસ્પર સમજણ અને સંમતિના આધારે નિરાકરણ લાવી શકાય છે તેનો ઉત્તમ દાખલો જોવા મળ્યો છે.

# બુટવાડા ગામે દીપડો પાંજરે પુરાયો, ગ્રામજનોએ લીધો રાહતનો શ્વાસ

## વાણિયા તળાવ ફળિયામાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડાની અવરજવરથી ફફડાટ; વન વિભાગે મારણ મૂકીને ગોઠવેલા પાંજરામાં દીપડો ઝડપાયો



**દ્રષ્ટિકોણ-બુટવાડાઃ** સુરત જિલ્લાના અંબિકા તાલુકાના બુટવાડા ગામના વાણિયા તળાવ ફળિયામાં છેલ્લા કેટલાક સમયથી જોવા મળતા કદાવર દીપડાને આજે વહેલી સવારે વન વિભાગે પાંજરે પૂરી દેતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. દીપડાની અવરજવરથી ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો અને રાત્રિના સમયે ખેતરો તથા સીમ વિસ્તારમાં જવાનું પણ લોકો ટાળી રહ્યા હતા.

મળતી માહિતી મુજબ, બુટવાડા ગામના વાણિયા તળાવ ફળિયા તેમજ આસપાસના સીમ વિસ્તારમાં છેલ્લા ઘણા દિવસોથી દીપડાની અવરજવર જોવા મળી રહી હતી. દીપડાએ સ્થાનિક પશુપાલકોના પાલતુ પશુઓનું મારણ કર્યું હોવાની પણ ચર્ચા હતી. જેના કારણે ખેડૂતો અને પશુપાલકોમાં ચિંતા વધી હતી. ખાસ કરીને બાળકોની સુરક્ષાને લઈને ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળતો હતો.

ગ્રામજનો દ્વારા વન વિભાગને આ અંગે રજૂઆત કરવામાં આવતા વન વિભાગની ટીમે વાણિયા તળાવ ફળિયા નજીક વ્યૂહાત્મક સ્થળે મજબૂત પાંજરું ગોઠવ્યું હતું. દીપડાને પાંજરામાં લલચાવવા માટે તેમાં મારણ પણ મૂકવામાં આવ્યું હતું.

દરમિયાન આજે વહેલી સવારે ખોરાકની શોધમાં દીપડો પાંજરા નજીક પહોંચ્યો હતો અને મારણ લેવા જતાં પાંજરામાં આબાદ ઝડપાઈ ગયો હતો. પાંજરામાં દીપડો પુરાતાં તેના ગર્જનાના અવાજથી આસપાસના લોકોને ઘટનાની જાણ થઈ હતી. દીપડો પકડાયાની જાણ સમગ્ર ગામમાં વાયુવેગે પ્રસરી જતાં વહેલી સવારથી જ પાંજરે પુરાયેલા દીપડાને જોવા માટે ગ્રામજનોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને દીપડાનો કબજો મેળવ્યો હતો. વન વિભાગ દ્વારા દીપડાનું પ્રાથમિક સ્વાસ્થ્ય પરીક્ષણ કરવામાં આવ્યું હતું. દીપડો સ્વસ્થ હોવાનું જણાતા વન વિભાગના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ તેને માનવ વસ્તીથી દૂર સુરક્ષિત જંગલ વિસ્તારમાં મુક્ત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દીપડો પાંજરે પુરાતા બુટવાડા તથા આસપાસના વિસ્તારના ખેડૂતો અને ગ્રામજનોએ રાહત અનુભવી હતી. સાથે જ વન વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરીની પ્રશંસા કરી આભાર વ્યક્ત કર્યો હતો.

# વલસાડમાં RTI સપ્તાહની ઉજવણી : રાજ્યનો સૌપ્રથમ રિજનલ વર્કશોપ યોજાયો



**દ્રષ્ટિકોણ-વલસાડ,** માહિતી અધિકાર (RTI) સપ્તાહ-૨૦૨૬ની ઉજવણી અંતર્ગત વલસાડ કલેક્ટર કચેરી ખાતે રાજ્યનો સૌપ્રથમ રિજનલ વર્કશોપ યોજાયો હતો. રાજ્ય માહિતી કમિશનર મનોજ પટેલ તથા વલસાડ કલેક્ટર નીતિન સાંગવાને ઉપસ્થિત અધિકારીઓને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. નવસારી અને ડાંગ જિલ્લાના કલેક્ટરો તથા વહીવટી તંત્રના અધિકારીઓ વિડીયો કોન્ફરન્સિંગના માધ્યમથી જોડાયા હતા.સામાન્ય રીતે RTI સપ્તાહની ઉજવણી રાજ્ય કક્ષાએ ગાંધીનગર ખાતે થાય છે. જોકે, આ વર્ષે તમામ સ્ટેકહોલ્ડર્સ સુધી પહોંચવાના હેતુથી ૩થી ૪ જિલ્લાઓનું ક્લસ્ટર બનાવી જિલ્લા કક્ષાએ રિજનલ વર્કશોપ યોજવાનો નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. આયોજન બદલ રાજ્ય માહિતી કમિશનરે વલસાડ કલેક્ટર અને વહીવટી ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.કલેક્ટર નીતિન સાંગવાને કાયદાની જોગવાઈઓ અને અમલીકરણને સમજવા વર્કશોપનું મહત્વ સમજાવ્યું હતું.

તેમણે કલમ-૪ હેઠળના 'ઓટોમેટિક ડિસ્ક્લોઝર' પર ભાર મૂકી સરકારી કચેરીઓ વધુમાં વધુ માહિતી આપમેળે જાહેર કરે તો RTI અરજીઓમાં ઘટાડો થઈ શકે તેમ જણાવ્યું હતું. અરજદાર કયા હેતુથી માહિતી માંગે છે તેના બદલે કાયદાની મર્યાદામાં માહિતી આપવા અધિકારીઓને અપીલ કરી હતી. RTI એક્ટિવિસ્ટ્સને નકારાત્મક દ્રષ્ટિએ ન જોવાની પણ અપીલ કરી હતી.

રાજ્ય માહિતી કમિશનર મનોજ પટેલે જણાવ્યું કે, ૨૦૦૫માં અમલમાં આવેલ RTI કાયદો હવે ૨૧ વર્ષનો થયો છે. તેમણે પ્રોએક્ટિવ ડિસ્ક્લોઝર દ્વારા વહીવટમાં વધુ પારદર્શિતા લાવવા પર ભાર મૂક્યો હતો.

વર્કશોપમાં માર્ગદર્શક ફિલ્મ, પ્રેઝન્ટેશન તથા પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા સહિત અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અડાજણમાં મચ્છર મારવાની દવાના ઓર્ડરના બહાને વેપારી સાથે રૂ.૨૨ હજારની છેતરપિંડી, બે ઝડપાયા




**દ્રષ્ટિકોણ-સુરત,** સુરતના અડાજણ વિસ્તારમાં વેપારી સાથે મચ્છર મારવાની દવાના ઓર્ડરના બહાને છેતરપિંડીની ઘટના સામે આવી છે. એક યુવકે સેલ્સમેન તરીકે ઓળખ આપી વેપારીને દવા બતાવી હતી અને ઓર્ડર આપવાના બહાને રોકડા રૂ.૨૨ હજાર પડાવી લીધા હતા.

વેપારીને દવાનો જથ્થો મળ્યા બાદ બોક્સ ખોલતાં તેમાં દવાને બદલે લાકડાનો ભૂક્કો અને વ્હેર મળી આવ્યો હતો. આથી છેતરપિંડી થઈ હોવાનું જણાતા વેપારીએ સમગ્ર મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મળતાં અડાજણ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી સતીશ ગેહલોત અને રામકૃષ્ણ પાટીલ નામના બે આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

# કપરાડા શિક્ષક સંઘનું આવેદન

## 'શિક્ષકોને ભણાવવા દો, બિનશૈક્ષણિક કામગીરીમાંથી મુક્ત કરો': કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનું મામલતદારને આવેદન : સ્વ. શંકરભાઈ જાદવના પરિવારને સહાય અને નેટવર્કની સમસ્યા દૂર કરવાની માંગ

**દ્રષ્ટિકોણ-વલસાડઃ** કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષકોને બિનશૈક્ષણિક કામગીરીમાંથી મુક્ત કરવા સહિતની વિવિધ માંગણીઓ સાથે મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. શિક્ષકો પર ઓનલાઈન કામગીરી, તાલીમ, મિટિંગો સહિતની વધતી જવાબદારીઓના કારણે વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર થતી હોવાનો સંઘે મુદ્દો ઉઠાવ્યો હતો.સંઘે શિક્ષણ સિવાયની ઈતર કામગીરી બંધ કરવા, નેટવર્ક કવરેજ વિનાની શાળાઓમાં ઓનલાઈન હાજરી અને સ્કૂલ એન્ટ્રીમાંથી મુક્તિ આપવા તેમજ આશરે ૫૦ કલાક સુધી ચાલતી ઓનલાઈન તાલીમ બંધ કરવાની માંગ કરી હતી. ઓફલાઈન તાલીમ પણ મર્યાદિત કરવાની રજૂઆત કરવામાં આવી હતી.



નીલોસી પ્રાથમિક શાળાના આચાર્ય સ્વ. શંકરભાઈ લાછિયાભાઈ જાદવના આપઘાતનો ઉલ્લેખ કરી આ ઘટનાને ખાસ કિસ્સો ગણી તેમના પરિવારને સરકારી સહાય આપવા માંગ કરાઈ હતી. સંઘ પ્રમુખ બીપીનભાઈ પટેલે નેટવર્કની સમસ્યા શિક્ષકો માટે ગંભીર મુશ્કેલી હોવાનું જણાવ્યું હતું.

કિરણભાઈ જાદવે એકલવ્ય સ્કૂલના ઝઝૂફ ફૂટેજ ઉપલબ્ધ કરાવી સમગ્ર ઘટનામાં સ્પષ્ટતા કરવાની માંગ કરી હતી. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે એવી કઈ કામગીરી હતી કે શંકરભાઈને આટલું મોટું પગલું ભરવું પડ્યું. દિવસી ગામના લોકોએ સરપંચની આગેવાનીમાં મૃતકના પત્ની અને ત્રણ બાળકો સાથે પણ આવેદન આપ્યું હતું.

સરપંચ દીપકભાઈએ સ્વ. શંકરભાઈને શાંત સ્વભાવના વ્યક્તિ ગણાવી શિક્ષણ વ્યવસ્થા પર ભાર મૂકવાની જરૂરિયાત દર્શાવી હતી. નાનાપોંઢા તાલુકા પંચાયત સભ્ય કુંજાલીબેન પટેલે પણ ઓનલાઈન કામગીરીના ભારણથી શિક્ષકોને પરેશાન ન કરવા અને શિક્ષણ કાર્યને અસર ન થાય તેવી માંગ કરી હતી.

ધો.૧થી ૫ની શાળાઓમાં કમ્પ્યુટર, લેપટોપ, પ્રિન્ટર અને કાર્યરત ઈન્ટરનેટ ઉપલબ્ધ કરાવ્યા બાદ જ ઓનલાઈન કામગીરી કરાવવાની માંગ કરાઈ હતી. જીદ્દછ સ્પર્શની બિલ પ્રક્રિયા સરળ બનાવવા અને નાના બિલો માટે જૂની ચેક અથવા હ્લસ્જી પદ્ધતિ અમલમાં મૂકવાની પણ રજૂઆત થઈ હતી.

આ પ્રસંગે સંઘના મહામંત્રી આનંદ પટેલ, રાજ્ય કો-ઓર્ડિનેટર મિતેષ પટેલ, બીપીન પટેલ, દિનેશ ગાંવિત, કિરણ જાદવ, કુંજાલી પટેલ સહિત કપરાડા-નાનાપોંઢા તાલુકા શિક્ષક સંઘના હોદ્દેદારો, સભ્યો અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# ખરવણ ગામના રહીશોની વર્ષો જૂની સમસ્યાનો અંતઃ મુખ્ય માર્ગથી નવી વસાહતને જોડતો નવો રસ્તો મંજૂર

**દ્રષ્ટિકોણ-મહુવાઃ** સુરત જિલ્લાના મહુવા તાલુકાના ખરવણ ગામે ગ્રામજનોની લાંબા સમયની સુવિધા અને માગને ધ્યાને રાખીને આજે એક મહત્વપૂર્ણ વિકાસ કાર્યનો શુભારંભ કરવામાં આવ્યો છે. ખરવણ ગામના મુખ્ય રસ્તાથી નવી વસાહતને જોડતા કનેક્ટિવિટી માર્ગ ના કામનું સત્તાવાર રીતે ખાતમુહૂર્ત અને લોકાર્પણ સંપન્ન થયું હતું. આ નવનિર્મિત રસ્તાને કારણે સ્થાનિક રહીશો અને ખાસ કરીને નવી વસાહતના લોકોને પરિવહનમાં ભારે સુવિધા મળશે.



અંબિકા/મહુવા તાલુકામાં મંજૂર થયેલા વિવિધ વિકાસલક્ષી કાર્યોના ભાગરૂપે યોજાયો હતો, જેનું આયોજન ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિ કલ્યાણ સમિતિના ચેરમેન અને લોકપ્રિય ધારાસભ્ય માનનીય શ્રી મોહનભાઈ ડી. ઢોડિયા ના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. ધારાસભ્યશ્રીએ તકતી અનાવરણ અને રીબીન કાપીને આ જનસુવિધાના કાર્યને ખુલ્લું મૂક્યું હતું અને સરકારની વિકાસયાત્રા છેવાડાના માનવી સુધી પહોંચી રહી હોવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે વિસ્તારના અન્ય સ્થાનિક પદાધિકારીઓ અને અગ્રણીઓ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોનું ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. નવો રસ્તો મળતા જ ખરવણ ગામની નવી વસાહતના સ્થાનિક લોકોમાં ભારે આનંદની લાગણી વ્યાપી ગઈ છે અને વર્ષો જૂની હાલાકીનો અંત લાવવા બદલ સમગ્ર ગ્રામ પંચાયત તેમજ વહીવટી તંત્રનો આભાર માન્યો હતો.

# નશાકારક ગોળીઓના ગેરકાયદે વેપારનો પર્દાફાશ

**દ્રષ્ટિકોણ-અંકલેશ્વર :** અંકલેશ્વર GIDCમાં નશાકારક ગોળીઓના ગેરકાયદે વેપાર સામે કાર્યવાહી કરી પોલીસે બે કેસમાં બે આરોપીની ધરપકડ કરી છે. બંને કેસમાં પોલીસે ૭ કિલોથી વધુ નશાકારક ગોળીઓ જપ્ત કરી છે.ભરૂચ SOGની ટીમે જીતાલી ગામના યોગી સ્ટેટમાંથી પ્રદીપ મહાવીર નિશાદને ઝડપી લીધો હતો. તેની પાસેથી ૫ કિલો ૧૯૦ ગ્રામ 'કેશવ મુનક્કા' ગોળીઓ મળી આવી હતી. તેની કિંમત ૨ લાખ ૬૪ હજાર રૂપિયાથી વધુ હોવાનું જણાવાયું છે.



એન્ટી નાર્કોટિક્સ વિભાગે કરિયાણાની દુકાનમાં દરોડો પાડી ગોપાલજી જીતેન્દ્ર શર્માની ધરપકડ કરી હતી. તેની પાસેથી ૨ કિલો ૦૮૫ ગ્રામ નશાકારક ગોળીઓ મળી હતી, જેની કિંમત ૧ લાખ ૨૪ હજાર રૂપિયાથી વધુ છે.

બંને કેસમાં અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે FIR નોંધાઈ છે. જપ્ત કરાયેલી ગોળીઓમાં 'તરંગ વિજયાવતી' અને 'કેશવ મુનક્કા'નો સમાવેશ થાય છે. ગોળીઓના સ્ત્રોત અને સપ્લાય ચેઈન અંગે વધુ તપાસ ચાલુ છે.

# મહુવાના ખરવાણ ગામે 'સમગ્ર શિક્ષા' અંતર્ગત નવનિર્મિત શાળા ભવનનું લોકાર્પણ કરતા ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા



**દ્રષ્ટિકોણ-મહુવાઃ** ગ્રામ્ય વિસ્તારના બાળકોને ઉત્તમ અને આધુનિક શૈક્ષણિક સુવિધાઓ મળી રહે તેવા ઉદ્દેશ્ય સાથે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા એક પ્રશંસનીય લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. સુરત જિલ્લાના મહુવા તાલુકાના ખરવાણ ગામે 'સમગ્ર શિક્ષા' અને 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' અંતર્ગત નવનિર્મિત પ્રાથમિક શાળાના મકાનનું ભવ્ય લોકાર્પણ ગુરૂવાર, ૮ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યું હતું.

આ સુવિધા સભર નવનિર્મિત શાળાના ભવનનું લોકાર્પણ ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિ કલ્યાણ સમિતિના માનનીય ચેરમેનશ્રી શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડિયા ના વરદ હસ્તે રિબન કાપીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, અંતરિયાળ ગામડાઓ સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચાડવા માટે સરકાર કટિબદ્ધ છે અને આ નવું ભવન બાળકોના ઉજ્જવળ ભવિષ્યના ઘડતરમાં મહત્વનું યોગદાન આપશે.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે મહુવા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રીમતિ ક્રિષ્ણાબેન મોહનીશકુમાર ચૌહાણ, સુરત જિલ્લા પંચાયતના સદસ્ય શ્રીમતિ હિનાબેન શૈલેષભાઈ પટેલ તથા મહુવા તાલુકા પંચાયતના સદસ્ય શ્રીમતિ કલ્પનાબેન પ્રકાશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# હારીજ તાલુકા કક્ષા ખેલ મહાકુંભ ની વિવિધ રમતોમાં એલએફટી સ્કૂલના છાત્રો ઝળકયા



**દ્રષ્ટિકોણ-હારીજ :** હારીજ તાલુકા કક્ષા ખેલ મહાકુંભ ૨૦૨૬ માં L.F.T. શાળાનો દબદબો રહ્યો હતો.દોડ,ગોળાફેક,ચક્ર ફેક,રસ્સાફેક,જેવી વિવિધ રમતોમાં જલીયાણ ગ્રુપ સંચાલિત એલએફટી અંગ્રેજી ગુજરાતી માધ્યમના છાત્રો ૮ ગોલ્ડ મેડલ સહિત કુલ ૧૨ મેડલ મેળવી ઉત્કૃષ્ટ દેખાવ કરી સ્કૂલનું ગૌરવ વધારેલ છે.ખેલ મહાકુંભ વર્ષ ૨૦૨૬ અંતર્ગત તા. ૨૮ સપ્ટેમ્બર થી ૦૬ ઓક્ટોબર સુધી યોજાયેલ હારીજ તાલુકા કક્ષાની વિવિધ રમત-ગમત સ્પર્ધાઓમાં L.F.T. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.આ સ્પર્ધાઓમાં શાળાના વિદ્યાર્થીઓએ ૮ પ્રથમ, ૨ દ્વિતીય અને ૨ તૃતીય મળી કુલ ૧૨ પ્રોત્સાહક ઈનામો મેળવી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

# અનાવલમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ, રૂ.૮.૮૪ લાખનો IMFL જથ્થો ઝડપાયો



**દ્રષ્ટિકોણ-સુરતઃ** સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC)ના પોલીસ ઈન્સ્પેક્ટર એ.વાય. બલોચની ટીમે અનાવલ પોલીસ સ્ટેશન હદના કુમકોતર ગામના જામલપાડા ફળિયામાં રેડ કરી હતી. ભાવેશ અશોકભાઈ ધોળીયા પટેલના રહેણાંક મકાનમાંથી ભારતીય બનાવટના દારૂ-બીયરની આશરે ૭૬ પેટી અને ૩,૦૭૦ બોટલ મળી કુલ રૂ.૮,૮૪,૯૨૮નો જથ્થો ઝડપી પાડ્યો હતો.

રેડ દરમિયાન બે વાહન અને પાંચ મોબાઈલ પણ કબજે કરાયા હતા. દારૂ સહિત કુલ રૂ.૨૧,૬૯,૯૨૮નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ મામલે અનાવલ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમો મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસે ભાવેશ અશોકભાઈ ધોળીયા પટેલ, રૂપેશ રાજુભાઈ કોરઘા (હળપતી), જય રાહુલભાઈ ધોળીયા પટેલ, જય દલપતભાઈ ધોળીયા પટેલ અને હિરેન નરેશભાઈ ધોળીયા પટેલ મળી પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે.વિકાસ ઉર્ફે વિકાસ ભૈયો અશોકભાઈ યાદવ, સન્ની રાજેશ ગુપ્તા, હેમીલ કમીલ તથા વિકાસ ભૈયાએ દારૂની હેરાફેરી માટે રાખેલા બે ડ્રાઈવર મળી કુલ પાંચ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે.

E-mail : drashtikonjanvani09@gmail.com
દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક સુરત જિલ્લો
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
Friday, 09 October-2026
શુક્રવાર, તા.૦૯/૧૦/૨૦૨૬

# ચૌટાના દબાણો પોલીસને ગાંઠતા નથી, સામાન્ય લોકોની શું હેસિયત!?

## બીચારા ડ્રાઈવરને ખબર હશે નહીં, ને ચૌટાબજારમાં પોલીસની જીપ ઘુસાડી દીધી, પછી શું? બહાર નીકળતા પરસેવો વળી ગયો

**દ્રષ્ટિકોણ-સુરત,** શહેરના કોટ વિસ્તાર અને બહુ જુના ગણાતાં ચૌટાબજારના દબાણોની વાતો અવારનવાર ચર્ચાની એરણે ચઢે છે. આ દબાણે ભલભલા અધિકારીઓ, પદાધિકારીઓને હંફાવી નાંખ્યા છે, પરંતુ હજુ દબાણકર્તાઓ અડીખમ છે. ત્યારે આજે પોલીસની એક જીપ ચૌટાબજારના દબાણો વચ્ચે ફસાઈ જતાં પોલીસ વિભાગની ખાસ્સી નાલેશી થઈ હતી. લોકો કહી રહ્યા હતાં કે શું જોઈને બજારમાં જીપ ઘુસાડી?

ચૌટાબજારમાં દુકાનોની બહાર અને હવે તો છેક રસ્તાની વચ્ચોવચ ફેરિયાઓ પોતાનો સામાન રાખતા થઈ ગયા છે. બજાર એટલું તો ગીચ થઈ ગયું છે કે ચાલનારા માણસોને પણ પરસેવો વળી જાય. બજારના સ્થાનિક રહેવાસીઓ, દુકાનદારો કે ફેરિયાઓ પોતાના ટુ-વ્હીલર પર દિવસમાં માંડ એકાદ-બે વખત માત્ર અગત્યના કામો માટે જ કાઢી શકે છે. ક્યારેક કોઈ માથાભારે રિક્ષાવાળાઓ કે ટ્રાન્સપોર્ટના ટેમ્પાવાળાઓ માલ-સામાન ખાલી કરવા કે ભરવા પહોંચી જાય છે, પરંતુ આ તમામ તત્ત્વો ગેરકાયદે દબાણોનો હિસ્સો જ ગણી શકાય.ત્યારે આજે બપોરના સમયે ચૌટાબજારમાં એક જીપ દબાણોમાં ફસાયેલી નજરે પડી હતી. કોણ જાણે કેમ? ડ્રાઈવર બીચારો અજાણ હશે કે પછી અન્ય કોઈ કારણ, પોલીસની જીપ ચૌટાબજારમાં ઘુસાડી દીધી હતી. જો કે ત્યારબાદ તો આ જીપને બહાર કાઢતાં પોલીસકર્મીઓને પરસેવો છૂટી ગયો હતો. પોલીસની જીપને જોઈને પણ દબાણકર્તાઓ ટસના મસ થતા ન હતાં. છેવટે બજારના જ કેટલાક અગ્રણી વેપારીઓની મદદથી જીપને બહાર નીકળવા માટે રસ્તો કઢાયો હતો.

### પોલીસ અને પાલિકાને કોઈ પ્રતિષ્ઠાનો પ્રશ્ન, શરમ જેવું નડે છે કે નહીં?

કોઈ સામાન્ય હોય કે મહત્ત્વનો મુદ્દો હોય, પોલીસ અને પાલિકા વિભાગ અનેક મુદ્દાને પોતાની પ્રતિષ્ઠાનો બનાવી દેતા હોય છે. પાલિકાની ટીમ પર હુમલો થાય, કોઈ અધિકારી સાથે અસભ્ય વર્તન થાય તો પાલિકા પોલીસમાં ફરિયાદ દાખલ કરાવી દાખલો બેસાડે છે. પોલીસ વિભાગ તો આ માટે જાણીતું છે જ અને પ્રતિષ્ઠા માટે જોરદાર સબક શિખવાડે છે. તો પછી ચૌટાબજારના દબાણોના મુદ્દે પાલિકા અને પોલીસને આ પ્રતિષ્ઠા જેવો પ્રશ્ન કેમ નડતો નથી? પાલિકાના પદાધિકારીની ગાડી ફસાઈ જાય તો પાલિકા હાથ પર હાથ ધરી કઈ રીતે બેસી રહે. લોકોના મનમાં ખૌફ ફેલાવતી પોલીસની જીપ દબાણકર્તાઓ સામે લાચાર થઈ જાય, તો પોલીસ વિભાગને પ્રતિષ્ઠા દેખાતી નથી? શરમ જેવું ફીલિંગ થતું નથી?

### ભટ્ટ હોસ્પિટલની એમ્બ્યુલન્સ મુદ્દે પણ દબાણકર્તાઓ લાગણીવિહીન રહ્યા હતા

ચૌટાબજારની બાજુની જ ગલીમાં વર્ષોથી કાર્યરત સુરત જનરલ એટલે કે ભટ્ટ હોસ્પિટલની એમ્બ્યુલન્સ માટે પણ દબાણોનો મુદ્દો ખાસ્સો ચગ્યો હતો. પોલીસ અને પાલિકા તંત્ર તેમજ સ્થાનિક નેતાઓ શરુઆતમાં આગળ આવ્યા, પરંતુ ત્યારબાદ ફરી સ્થિતિ જૈસે થે થઈ ગઈ હતી.

### ધારાસભ્ય પૂર્ણેશ મોદી, શાસક પક્ષના નેતા સહિતના નેતાઓ દબાણમાં ફસાઈ ચૂક્યા છે

અગાઉ ધારાસભ્ય અને વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી અને શાસક પક્ષ નેતા અલ્પા મહેતાની લાલ લાઈટવાળી, સાયરન સાથેની ગાડી પણ ચૌટાબજારના દબાણોમાં ફસાઈ ગઈ હતી. જે તે વખતે ખાસ્સો હોબાળો થયો અને દેખાવ પૂરતો પોલીસ અને પાલિકાએ કામગીરીનો ડોળ કર્યો, પરંતુ હાલની પરિસ્થિતિ ખરેખર બદતર જ રહી છે.

# ગાંવ ચલો, હજારો શ્રમિકોએ વતનની વાટ પકડતાં કાપડ ઉદ્યોગ સ્તબ્ધ


સાંકેતિક તસવીર

## અઠવાડિક રજા અને માનવીય વર્તનની માંગ સાથે એમ્બ્રોઈડરી શ્રમિકોએ નોકરીઓ છોડી શરૂ કરી દેતાં સામી દિવાળીએ અનિશ્ચિતતાનો માહોલ

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૮**

અઠવાડિક રજા અને એમ્બ્રોઈડરી ખાતાના સંચાલકોના અમાનવીય વર્તનનો મુદ્દો હવે ચરમસીમાએ પહોંચી રહ્યો છે. શ્રમિકોએ આપેલા ગાંવ ચલો આંદોલન હેઠળ હજારો કારીગરોએ સુરત છોડી વતન પ્રયાણ કરવાનું મન બનાવી લીધું છે. એટલું જ નહીં, આજે સુરત અને ઉધના રેલવે સ્ટેશનો, બસ સ્ટેન્ડ પર હજારો શ્રમિકો વતનની વાટ પકડવા ઉમટી પડતાં શહેરના એમ્બ્રોઈડરી સહિત કાપડ ઉદ્યોગમાં દાવાનળની સ્થિતિ જેવું નિર્માણ થયું છે.

સુરતના ટેક્સટાઈલ અને ખાસ કરીને એમ્બ્રોઈડરી ઉદ્યોગમાં હાલ પરિસ્થિતિ અત્યંત ગંભીર અને ચિંતાજનક બની ગઈ છે. દાયકાઓથી આ ઉદ્યોગની કરોડરજ્જુ ગણાતા અને રાત-દિવસ મહેનત કરતા લાખો પરપ્રાંતીય કારીગરો લાંબા સમયથી થઈ રહેલા આર્થિક શોષણ સામે અવાજ ઉઠાવી રહ્યા છે. એમ્બ્રોઈડરી ક્ષેત્રે કામ કરતા શ્રમિકોને યોગ્ય વળતર ન મળવું, કલાકો સુધી સતત મજૂરી કરાવવી અને પૂરતી પ્રાથમિક સુવિધાઓ ન આપવી તે એક સામાન્ય બાબત બની ગઈ છે. આ શોષણની પરાકાષ્ઠા વચ્ચે કારીગરોએ પોતાનો વિરોધ નોંધાવવા માટે 'ગાંવ ચલો આંદોલન' શરૂ કર્યું છે, જેની સીધી અસર સમગ્ર સુરત શહેરના આર્થિક માળખા પર જોવા મળી રહી છે.

કારીગરોની મુખ્ય અને વ્યાજબી માંગણી અઠવાડિક રજા આપવાની તેમજ એમ્બ્રોઈડરી ફેક્ટરીના સંચાલકો તેમની સાથે માનવીય વર્તન કરે તે છે. કારીગરોનો આક્ષેપ છે કે જો તેઓ બીમારી કે અન્ય કોઈ અનિવાર્ય સંજોગોમાં એકાદ દિવસની રજા પાડે તો પણ સંચાલકો દ્વારા તેમનો પગાર કાપી લેવામાં આવે છે. આ પ્રકારના અમાનવીય વર્તન અને સતત થતા આર્થિક નુકસાનથી કંટાળીને ઉત્તર પ્રદેશ, બિહાર અને અન્ય રાજ્યોના લાખો શ્રમિકોએ હવે પોતાના વતન તરફ પ્રયાણ કરવાનું શરૂ કરી દીધું છે. સુરત રેલવે સ્ટેશન અને બસ સ્ટેન્ડ પર વતન જવા માટે ઉત્સુક કારીગરોની લાંબી લાઈનો જોવા મળી રહી છે.

કાપડ ઉત્પાદન, વિવિંગ, પ્રોસેસિંગ અને એમ્બ્રોઈડરી જેવા તમામ વિભાગો એકબીજા પર નિર્ભર હોવાથી, જો એમ્બ્રોઈડરી યુનિટ્સ બંધ રહે તો આખી ટેક્સટાઈલ સપ્લાય ચેઈન તૂટી જવાની ભીતિ સેવાઈ રહી છે. સમયસર ઓર્ડર પૂરા નહીં થાય તો કરોડો રૂપિયાનું નુકસાન થવાની સાથે સુરતનો ટેક્સટાઈલ ઉદ્યોગ મોટો આંચકો સહન કરશે.

### અઠવાડિક રજા અને માનવતાભર્યું વાતાવરણ નહીં મળશે તો પાછા નહીં આવીએ

સૌથી વધુ ગંભીર બાબત એ છે કે વતન જઈ રહેલા શ્રમિકોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જ્યાં સુધી તેમને અઠવાડિક રજાની લેખિત ખાતરી અને માનવતાભર્યું વાતાવરણ નહીં મળે, ત્યાં સુધી તેઓ સુરત પરત નહીં ફરે. આ મક્કમ વલણને કારણે સમગ્ર એમ્બ્રોઈડરી ક્ષેત્ર સહિત ટેક્સટાઈલ ઉદ્યોગમાં ઘોર અનિશ્ચિતતાનું વાતાવરણ સર્જાયું છે. સામે દિવાળીનો મોટો તહેવાર આવી રહ્યો છે, જે સુરત કાપડ ઉદ્યોગ માટે કમાણીની મુખ્ય સિઝન ગણાય છે. આવી તેજીની સિઝનમાં જ કારીગરોના આ સામૂહિક પલાયનને કારણે ઉદ્યોગકારોમાં ભારે ભય અને ફાળ પડી છે.

# નવા કમીલાની ખાડી કચરાથી ખદબદી, ગંદકીના ઢગથી નાળું ભરાયું

**સુરત :** નવા કમીલા વિસ્તારમાં સંજયનગર પાસે આવેલી નાનકડી ખાડીમાં કચરો ઠાલવવામાં આવતા ખાડી કચરાથી ખદબદી ઊઠી છે. ખાડીમાં મોટા પ્રમાણમાં કચરો ભરાઈ જતાં પાણીનો કુદરતી પ્રવાહ પણ અવરોધાઈ રહ્યો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

તસવીરમાં પણ ખાડીની અંદર અને આસપાસ મોટી માત્રામાં કચરો જોવા મળી રહ્યો છે. કચરાના ઢગલા વચ્ચે ગંદુ પાણી ભરાઈ રહેતા દુર્ગંધ ફેલાઈ રહી છે અને મચ્છર-માખીનો ઉપદ્રવ વધવાની શક્યતા છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન વરસાદી પાણીના નિકાલમાં પણ મુશ્કેલી સર્જાઈ શકે છે.



### સંજયનગર પાસે આવેલી નાનકડી ખાડીમાં કચરો ઠાલવાતા પાણીના પ્રવાહને અવરોધ; સ્થાનિકોમાં રોગચાળાની ભીતિ

સંજયનગર નજીક રહેલા સ્થાનિકો દ્વારા ખાડીમાંથી કચરો દૂર કરી સફાઈ કરાવવા તેમજ ભવિષ્યમાં ખાડીમાં કચરો ન નાખાય તે માટે જરૂરી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. જો સમયસર સફાઈ કરવામાં નહીં આવે તો ગંદકીના કારણે સ્થાનિક લોકોના આરોગ્ય પર પણ અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# ન્યૂ સિટીલાઈટમાં બે કરોડના લક્ઝુરિયસ ફ્લેટમાં આગ, લાખોનું નુકસાન

### માતા-પુત્રએ આગ પર કાબૂ કરવાનો પ્રયાસ કર્યો, છેવટે બહાર દોડી જઈ જીવ બચાવ્યો, એકાદ કલાકે આગ કાબૂમાં આવી

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૮**

સુરતના પોશ ગણાતા ન્યૂ સીટીલાઈટમાં 'રત્ન વિરાટ એપાર્ટમેન્ટ'ના ૧૦મા માળે મોડી રાત્રે એક લક્ઝુરિયસ ફ્લેટમાં વિકરાળ આગ ભભૂકી ઊઠી હતી. અણુવ્રત દ્વાર નજીક બનેલી આ દુર્ઘટનામાં અંદાજે રૂ.૨ કરોડની કિંમતના 4BHK ફ્લેટમાં હોલમાં મૂકેલા એર કંડિશનરમાં શોર્ટસર્કિટ થતાં આગ લાગી હતી. રાત્રે આશરે ૧:૪૦થી ૧:૪૫ વાગ્યાના સુમારે જ્યારે ACમાંથી તણખા ઝર્યા ત્યારે ફ્લેટમાં નિર્મલા દેવી અગ્રવાલ (ઉં.વ. ૬૬) અને તેમના પુત્ર મનીષભાઈ અગ્રવાલ (ઉં.વ. ૪૨) હાજર હતા. હોલમાં સૂતેલા માતાએ ધુમાડાના ગોટેગોટા જોઈ તુરંત અંદરના રૂમમાં ઊંઘી રહેલા પુત્રને જગાડ્યા હતા.

મનીષભાઈએ શરૂઆતમાં ડોલ અને વાસણો વડે પાણી છાંટી તેમજ સોફા ખસેડી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આગ વધુ પ્રસરતાં તેમણે વાપરી માતા સાથે ફ્લેટની બહાર દોડી ગયા હતા, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી.

વેસુ, મજુરા અને ભીમરાડ ફાયર સ્ટેશનથી ફાયર એન્જિન, હાઈડ્રોલિક પ્લેટફોર્મ અને બૂમ બ્રાઉઝર સહિતનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. ૧૦મા માળે લાગેલી ભીષણ આગ પર ફાયર ફાઈટરોએ સતત દોઢ કલાક પાણીનો મારો ચલાવી રાત્રે ૩:૩૧ વાગ્યા આસપાસ કાબૂ મેળવ્યો હતો. આ દુર્ઘટનામાં ફ્લેટનું કિંમતી ઈન્ટીરીયર, 3 AC, હોમ થિયેટર, ટીવી, મોંઘાદાટ સોફા અને ફર્નિચર સહિત વાયરીંગ સંપૂર્ણ બળીને ખાખ થઈ જતાં અંદાજે રૂ.૫૦ લાખથી વધુનું આર્થિક નુકસાન થયું છે.

### બિલ્ડિંગના ફાયરના સાધનો એક્સપાયરી ડેટના, કામ લાગ્યા નહીં

આગ દુર્ઘટના વખતે બિલ્ડિંગમાં રાખેલા ફાયર એક્સ્ટિંગ્વિશર સાધનોથી આગ ઓલવવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ તે એક્સપાયર થઈ ગયેલા હોવાથી કામ કરી શક્યા નહોતા. આવી વિપરીત પરિસ્થિતિ વચ્ચે નજીકની હર્ષ હોસ્પિટલના સ્ટાફે તાત્કાલિક દોડી આવી પરિવારને મદદ કરી હતી.

# ઈચ્છાપોરમાં ૮ વર્ષની માસુમ બાળકી ઉપર બળાત્કાર

**દ્રષ્ટિકોણ-સુરત,** સુરત શહેરના છેવાડાના ઈચ્છાપોરમાં આઠ વર્ષની માસુમ બાળકીનો એકલતાનો લાભ ઉઠાવી દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનો કિસ્સો પ્રકાશમાં આવતા ભારે ચકચાર મચી જવા પામી છે.

બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કરી ગણતરીના કલાકોમાં નરાધમને મગદલ્લા ખાતેથી ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મોરા ગામ તપોવન સોસાયટીમાં રહેતો નરાધમ મનીષ પરશુરામ રાય (ભુમીહાર)એ ગત તા ૫મીના રોજ બપોરના એકથી બે વાગ્યાના આરસામાં આઠ વર્ષની માસુમ બાળકીનો એકલતાનો લાભ ઉઠાવી બળાત્કાર કર્યો હતો. નરાધમે બાળકીને જા આ અંગેની વાત ઘરે કરશે તો તેને ઘરમાંથી કાઢી મુકશે તેવી ધમકી આપી હતી. જાકે બાળકીએ તમામ હકીકત ઘરે કહી દેતા પરિવારજનોના પગતળે જમીન ખસી ગઈ હતી. અને સમગ્ર મામલો પોલીસમાં પહોંચ્યો હતો. પોલીસે મનીષ રાય સામે ગુનો દાખલ કરી ગણતરીના કલાકોમાં મગદલ્લા ખાતેથી ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### મનીષ રાયની ધરપકડ, બાળકીનો એકલતાનો લાભ ઉઠાવી દુષ્કર્મ આચર્યું

# રૂ.૩૪ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની કેદની સજા

**દ્રષ્ટિકોણ-સુરતઃ** સુરતમાં રૂ.૩૪ લાખના ચેક રિટર્નના કેસમાં કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. સાથે જ રૂ.૩૪ લાખની ચેકની રકમ ફરિયાદીને ચેકની તારીખથી ૬ ટકા વ્યાજ સહિત વળતર તરીકે ચૂકવવાનો હુકમ કર્યો છે.

કેસની હકીકત મુજબ, ફરિયાદી હસમુખરાય ભુપતભાઈ સુચક યમુના એન્ટરપ્રાઈઝના નામે કાચા માલના ધંધા સાથે સંકળાયેલા હતા.

આરોપી આરોપી નરસિંહભાઈ કે. માળી પણ આ વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનું સામે આવ્યું હતું. વ્યવસાયિક લેવડદેવડના કારણે આરોપીએ ફરિયાદી પાસેથી રૂ.૩૪,૬૪,૪૮૫ની એડવાન્સ પેમેન્ટની માંગણી કરી હતી. આ પૈકી ફરિયાદી દ્વારા આરોપીને રૂ.૩૪ લાખ ચૂકવવામાં આવ્યા હતા.

જોકે, આરોપી દ્વારા માલની ડિલિવરી કરવામાં આવી ન હતી અને ત્યારબાદ ફરિયાદીની કાયદેસરની લેણી રકમ ચૂકવવા માટે રૂ.૨૦ લાખ અને રૂ.૧૪ લાખના બે અલગ-અલગ ચેક આપવામાં આવ્યા હતા. ફરિયાદીએ બંને ચેક બેંકમાં જમા કરાવતા ચેક પરત ફર્યા હતા.

આકેસમાં કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે.










This Newspaper Drashtikone Janvani is published by Denishkumar Kishorbhai Patel Published at - C-6, Second floor, Ganesh colony, Baroda Prestige, Varachha Main Road, Surat - 395006 (Gujarat) on behalf of Patel Ketankumar Hasmukhlal and printed by Radheshyam Raghuvir Yadav at Yash Trading, Plot No. A-1/47, Bhagvati Ind. Estate, Bhestan, Surat, Gujarat-394210. Editor - Gajera Divya.